**સુવિચાર**

જેના વિચારમાં ઉંડાણ છે તે જ શાંતિ ધરી શકે છે. સરોવરનાં નીર કદીય છીછરા હોતા નથી. શાંત પાણી ઊંડા હોય છે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૦૩/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ફાગણ સુદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૦૮૨




એક એવી શાળા કે જયાં ભણવાનું ગૌરવ થાય
**નિત્યમ વિદ્યા સંકુલ**
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં...
બાલ મંદિરથી ધોરણ-૧૨. (સાયન્સ,કોમર્સ,આર્ટસ) ગુજરાતી/અંગ્રેજી માધ્યમ, બોયઝ & ગર્લ્સ હોસ્ટેલ



**તદ્દન મફત/વિના મુલ્યે** આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.

**પુષ્યનક્ષત્ર** ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની **સૂવર્ણ ભેટ**
તા. ૧૯-૨૦,મંગળ-બુધ માર્ચ-૨૦૨૪
સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી

સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.



કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
**નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ** (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. મો. ૯૯૭૮૯ ૬૬૬૨૯

**આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ**
- યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો
- આયુર્વેદીક રસીકરણ
- ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો
- પાચનશકિતમાં વધારો
- રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
- મગજતેજ અને બાળક ઉત્સાહી બને


## એસબીઆઈ સામે ઈલેકટ્રોલ બોન્ડને લઈને સુપ્રીમનું આકરૂ વલણ

# ચૂંટણી બોન્ડની તમામ વિગતો જાહેર કરવા તાકીદ

### સુપ્રીમ કોર્ટે એસબીઆઈને યુનિક નંબર સહિતની વિગતો ગુરૂવાર સુધીમાં રજૂ કરવા આદેશ કર્યો

### એસબીઆઈ સુપ્રીમ કોર્ટનાં આદેશનું પાલન કરવા બંધાયેલ છે

### એસબીઆઈનાં ચેરમેનને એક સોગંદનામુ રજૂ કરવા પણ આદેશ થયો

### આગામી દિવસોમાં ઈલેકટ્રોલ બોન્ડને લઈને રાજકીય માહોલ ગરમાશે તેવું લાગી રહ્યું છે

નવી દિલ્હી, તા. ૧૮

સુપ્રીમકોર્ટે એસબીઆઈને કહ્યું છે કે ઈલેકટોરલ બોન્ડ (ચૂંટણી બોન્ડ) સંબંધિત તમામ જાણકારી શેર કરવામાં આવી. કંઈ પણ છુપાવવાની જરૂર જ નથી. કોર્ટે એસબીઆઈને ચૂંટણી બોન્ડની વિગતો અને યુનિક નંબર જાહેર કરવા માટે સોમવાર સુધીનો જ સમય આપ્યો હતો. આ દરમિયાન સુનાવણી વખતે સીજેઆઈએ એસબીઆઈને ફટકાર લગાવતાં કહ્યું કે તમે અત્યાર સુધી



જાણકારી શેર કેમ નથી કરી? સીજેઆઈ ચંદ્રચૂડે કહ્યું કે અમે ચુકાદામાં સ્પષ્ટ કહ્યું હતું કે તમામ વિગતોનો ખુલાસો કરવામાં આવે. કોઈપણ વિગતો પસંદગી આધારિત ન હોવી જોઈએ. તમે કોર્ટના આદેશની રાહ કેમ જોઈ રહ્યા છો? એસબીઆઈએ અત્યાર સુધી પૂરી

અનુસંધાન પાના ૬ ઉપર

## જંગલી ભૂંડ અને નીલગાયથી બચવા શોર્ટ મુકયો અને ફસાયા

# અરેરાટી : બાબરાનાં થોરખાણ ગામે ઈલેકટ્રીક શોર્ટ લાગવાથી પતિ અને પત્નીનું કમકમાટીભર્યા મોત

### પતિ અને પત્ની છેલ્લા ૩ વર્ષથી ખેતી કાર્યમાં જોડાયા હતા

અમરેલી, તા. ૧૮

બાબરા તાલુકાના થોરખાણ ગામે રહેતા રમેશભાઈ બચુભાઈ ચારોલીયાના મોટા ભાઈ વનરાજભાઈ બચુભાઈ ચારોલીયા (ઉ.વ. ૪૦) તથા તેમના પત્નિ રેખાબેન વનરાજભાઈ ઉર્ફે હકુભાઈ ચારોલીયા (ઉ.વ. ૩૯) છેલ્લા બે-ત્રણ વર્ષથી થોરખાણ ગામમાં ભાગવી વાડી રાખી ખેત મજુરી કરતા હતા અને ત્યાં હાલ મકાઈનો પાક વાવેલ હોય. જંગલી ભુંડ તથા રોઝના ત્રાસના કારણે તેઓએ ત્યાં વાડીએ ઈલેકટ્રીક શોર્ટ મુકેલ હોય જે શોર્ટ લાગવાથી વનરાજભાઈ તથા તેની પત્નિ રેખાબેન બન્ને મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## પત્ની સાથે અમદાવાદ એસ.ટી. બસમાં જતાં હોય

# બાબરા કોર્ટનાં કર્મચારીનું મુસાફરી દરમિયાન હાર્ટ એટેકથી મોત

### ૫૫ વર્ષે અંતિમ વિદાય લીધી

બાબરા, તા. ૧૮

બાબરા કોર્ટનાં કર્મચારીનું એસ.ટી.બસમાં મુસાફરી દરમિયાન હાર્ટ એટેકથી મોત થયેલ છે.

કોર્ટના કર્મચારી મગનભાઈ પરમાર તેમનાં પત્નિ સાથે એસ.ટી. બસમાં બેસીને અમદાવાદ જતાં હોય તેઓને હાર્ટ એટેક આવતાં તેઓનું તેમની પત્નિ સામે જ મોત થયું હતું.







Sheetal Restaurant - Ice Cream, South Indian & Fast Food
દરેક ખરીદી પર મેળવો કેશબેક
Earn
**10%** Cashback
કોઈપણ ખરીદી પર

તમારું આગલું બિલ ચૂકવવા માટે તમારા કેશબેકનો ઉપયોગ કરો.

Terms & Conditions
- મિનિમમ રૂ. 999/- બિલની રકમ કેશબેક મેળવવા માટે જરૂરી છે.
- 2 ઓફર એક સાથે માન્ય નથી.
- ઓફર ફક્ત શીતલ રેસ્ટોરન્ટ - S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી પર જ માન્ય છે.
- કેશબેક ઓફર માત્ર રેસ્ટોરન્ટના બીલ પર જ માન્ય ગણાશે.

Location
શીતલ રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. 9510959954



**હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે**

**મેડીકલ ઓફીસર**
M.B.B.S./B.H.M.S./B.A.M.S
પગાર ધોરણ : ૧૫૦૦૦/- થી ૨૧૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૧૪૦૦૦/- થી ૧૬૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 1(Ladies & Gents)

**નર્સીંગ સ્ટાફ**
GNM / ANM / Bsc Nursing
પગાર ધોરણ : ૧૧૦૦૦/- થી ૧૩૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૯૦૦૦/- થી ૧૧૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 2 (Ladies)
અમરેલીમાં રહેતા વ્યકિતઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ

**નારી** વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.




ફરસાણ • ખમણ • મીઠાઈ



**શિવ** ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



Krishna DINING HALL



**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨



**૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ**
**57,990/-** (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૮/૦૩/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
**બાલમુકુંદ** જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



**મોરબીના ભાવે અહિંથી મળશે**
આપનાં સ્વપ્નનાં ઘરને સજાવો અમારી અવનવી અદ્યતન ડીઝાઈન વાળી વિવિધ ટાઈલ્સથી....
એકવાર અવશ્ય મુલાકાત લો...
ટાઈલ્સ હોલસેલ તથા રીટેલ મળશે.
**ટાઈલ્સ ડીઝાઈન સ્ટુડિયો**
લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી
વિજયભાઈ મો.૯૬૦૧૭ ૯૯૭૫૭
કિશનભાઈ મો.૯૯૨૫૧ ૬૧૧૮૪
મયંકભાઈ મો.૯૯૦૯૯ ૭૭૭૦૫

### પ્રિન્સીપાલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ એસ.સી. વાઘેલાનો હુકમ

# બાબરા : ઈંગોરાળા સેવા સહકારી મંડળીનાં કર્મચારી ઉચાપત કેસમાં નિર્દોષ

### સિનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૧૮

બાબરાનાં ઈંગોરા ગામની સેવાસહકારી મંડળીનાં ઉચાપત કેસમાં કર્મચારીનો નિર્દોષ છુટકારો થયો છે.

આ કામની ફરિયાદ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના વહીવટદારે જે તે સમયના ઈંગોરાળા સેવા સહકારી મંડળીના મંત્રી તથા પ્રમુખ તથા સેક્રેટરી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવેલી હતી અને આ ફરિયાદમાં તેઓએ ઈંગોરાળા સેવા સહકારી મંડળીમાંથી ખોટા દસ્તાવેજો બનાવી ગેરકાયદેસર રીતે ખોટુ રેકર્ડ ઉભુ કરી પગાર વધારો લઈ અને આ પગાર વધારાની રકમ પોતાના અંગત હેતુ માટે વાપરી રૂા. પર,૬૦૦ તથા રૂા. ૨૫,૮૮૪ ની રકમની ઉચાપત કરેલ હોય. જે હકીકત વહીવટદારના ધ્યાને આવતા તેમણે ઉપરોકત રકમની ઉચાપત કરવા બદલ તથા અન્ય ગેરરિતી આચરવા બદલ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૮, ૪૦૯, ૪૬૭, ૪૬૮, ૪૭૦, ૪૭૧, ૪૭૭(ક) તથા ૧૧૪ મુજબની ફરિયાદ બાબરા કોર્ટમાં નોંધાવતા બાબરા કોર્ટે જે તે સમયે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૧૫૬(૩) મુજબ પોલીસ તપાસનો આદેશ કરેલ હતો. ત્યારબાદ કોર્ટના ઉપરોકત હુકમના આધારે પોલીસે તપાસ કરેલી અને ત્યારબાદ આ કામે તપાસના





અંતે ચાર્જશીટ કરવામાં આવેલ હતું.

આ કામે ફરિયાદમાં જણાવેલ ઈંગોરાળા સેવા સહકારી મંડળીના કર્મચારી ઘનશ્યામભાઈ કાંતિભાઈ મહેતા તથા અન્ય ઈસમો સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૮, ૪૦૯, ૪૬૭, ૪૬૮, ૪૭૦, ૪૭૧, ૪૭૭(ક) તથા ૧૧૪ મુજબની ફરિયાદ વિગતે આ કામના આરોપીઓ સામે કાનુની કાર્યવાહી શરૂ કરવા માટે ચાર્જશીટ કરવામાં આવેલું.

ત્યારબાદ આ અંગેનો કેસ ચાલી જતા સરકાર તરફે બેંકના વહીવટદારને તથા અન્ય સરકારી કર્મચારીઓને તથા પોલીસ ખાતાના અધિકારીઓને તપાસવામાં આવેલ હતા.

આ બાબતે ઉપરોકત કેસ બાબરાના પ્રિન્સીપલ જયુડી. મેજી. એસ.સી. વાઘેલાની કોર્ટમાં ચાલી જતા ફરિયાદપક્ષ પોતાનો કેસ આ કામના આરોપી વિરૂધ્ધ સાબીત નહીં કરી શકતા આ કામના મંડળીના કર્મચારી ઘનશ્યામભાઈ કાંતિભાઈ મહેતાને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપી તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા આર.બી. બારૈયા રોકાયેલ હતા. આમ આ કામે બચાવપક્ષ તરફથી રજુ થયેલ દલીલો તથા ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ આ કામના મંડળીના કર્મચારી ઘનશ્યામભાઈ કાંતિભાઈ મહેતા ને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ બાબરાના પ્રિન્સીપલ જયુડી. મેજી. એસ.સી. વાઘેલા દ્વારા કરવામાં આવેલ છે.

### જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની સુચનાથી

# અમરેલીમાં ચૂંટણી આચારસંહિતાને લઈને વહીવટી તંત્ર દ્વારા હોર્ડિંગ, બેનરો દૂર કરવામાં આવ્યા

### પાલિકાનાં શાસકોએ જુદા-જુદા વિસ્તારમાં કામગીરી શરૂ કરી



અમરેલી, તા.૧૮

દેશભરમાં લોકસભા ચૂંટણીના પડઘમ વાગી ચુકયા છે ત્યારે દેશ અને રાજયમાં ચૂંટણી પંચ દ્વારા કેટલાક નોટિફિકેશન જાહેર કરી દેવાયા છે. ત્યારે અમરેલીના કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહીયાએ આચાર સંહિતાનો ચુસ્તપણે પાલન કરવા સૂચના અને આદેશ આપ્યા હતા. ત્યારે અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં કામગીરી હાથ ધરવામાં આવી છે.

અમરેલી શહેરમાં આજે નગરપાલિકા અલગ અલગ ટીમ દ્વારા શહેરના એસ.ટી. બસ સ્ટેન્ડ વિસ્તાર, લાઠી રોડ વિસ્તારમાં તમામ જાહેર જગ્યાએ અલગ અલગ રાજકીય હોર્ડિંગ, બેનરો, પોસ્ટરો હટાવવાની કામગીરી અલગ હાથ ધરવામાં આવી હતી.

આચાર સંહિતાની પૂરેપૂરી અમલવારી થાય તેવા પ્રયાસ કરવા તંત્ર કામગીરી હાથ ધરી રહ્યું છે. હજુ મોટા ભાગના તાલુકાના શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં કામગીરી જોવા નથી મળતી માત્ર અમરેલી શહેરમાં જ નગરપાલિકા ટીમ હરકતમાં આવી કામગીરી શરૂ કરવામાં આવી છે.

અમરેલી નગર પાલિકાક્ષના અધિકારીએ જણાવ્યું કે, ચૂંટણી પંચ દ્વારા જે રીતે આદર્શ આચાર સંહિતા લાગુ કરવામાં આવી છે. ત્યારે શહેરમાં પોસ્ટર બેનરો વિવિધ વિસ્તારમાં હટાવવા માટે ૨ દિવસથી કામગીરી ચાલી રહી છે આજે સાંજ સુધીમાં સંપૂર્ણ કામગીરી પૂર્ણ કરાશે.

### એસપીની સુચનાથી એસઓજીનો સપાટો

# બગસરાનાં નટવરનગરનાં રહેણાંક મકાનમાંથી અગ્નિશસ્ત્ર ઝડપાયુ

### આરોપી બાદલ હસનભાઈ સૈયદની અટકાયત

અમરેલી, તા. ૧૮

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા આગામી હોળી ધુળેટીના તહેવાર તેમજ લોકસભા ચૂંટણી અન્વયે મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતા (Model Code of Conduct) નો અમલ કરવામાં આવેલ હોય. જેથી એ.ટી.એસ. ચાર્ટર મુજબના ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઈસમોને તાત્કાલીક પકડી પાડી આરોપીઓ અંગે માહિતી મેળવી આવા ઈસમોને જેલહવાલે કરવા જરૂરી સુચનાં



અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર આર.ડી. ચૌધરી તથા એસ.ઓ.જી. ટીમ એ.ટી.એસ. ચાર્ટર લગત બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે બગસરા, નટવરનગર, સિધિકી મસ્જીદની સામે રહેતા બાદલ હસનભાઈ સૈયદએ પોતાના રહેણાંક મકાને હાજર હોય અને પોતાની પાસે એક દેશી હાથ બનાવટનો તમંચો (અગ્નિશસ્ત્ર) તથા જીવતા કાર્ટીસ નંગ–૨ રાખેલ છે અને તે કોઈ ગુન્હો કરવાની પેરવીમાં હોય. જે અનુસંધાને બાતમીવાળી જગ્યાને કોર્ડન કરી રેઈડ કરતા એક હાથ બનાવટનો દેશી તમંચો (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે એક ઈસમને ઝડપી પાડેલ છે.

### સરપંચ દ્વારા વિસ્તરણ અધિકારીને રજુઆત

# ખારા ગામનાં ખેડુતોને જીપ્સમ યોજનાનો લાભ આપો

### જમીન સુધારણા માટે જીપ્સમની જરૂરીયાત

અમરેલી, તા. ૧૮

લીલીયા મોટાનાં ખારા ગામનાં સરપંચે વિસ્તરણ અધિકારીને પત્ર પાઠવીને જમીન સુધારણા માટે જીપ્સમની સુવિધા કરી આપવા રજુઆત કરેલ છે.


### એસપીની સુચનાથી સીટી પોલીસનો સપાટો

# અમરેલીનાં માણેકપરામાં બે રહેણાંક મકાનમાં ચોરી કરનાર ઈસમ ઝડપાયો

### આરોપીનું નામ નુરમામદભાઈ ઉર્ફે નુરાભાઈ ઠેબા

અમરેલી, તા. ૧૮

અમરેલીના માણેકપરા શેરી નં–૯માં રહેતા જીતેન્દ્રભાઈ પરશોતમભાઈ સોજીત્રાના મકાનના દરવાજે તાળુ મારી બહારગામ ગયેલ હોય. તે રાત્રી દરમ્યાન અજાણ્યા કોઈ ચોર ઈસમે રહેણાંક બંધ મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી રૂમનુ તાળુ તોડી મકાનમાં પ્રવેશ કરી રૂમના કબાટની તિજોરીમાં રાખેલ રોકડ રકમની ચોરી કરી લઈ ગયેલ હોય તેમજ ગઈ તા. ૨૩/૧૨/૨૦૨૩ ના રોજ જયંતિભાઈ લવજીભાઈ ચૌહાણ (રહે. અમરેલી માણેકપરા શેરી નં.૪) વાળા પોતાના પરિવાર સાથે બહારગામ ગયેલ હોય. તે દરમ્યાન અજાણ્યા ચોર ઈસમે મકાનનુ તાળુ તોડી રહેણાંક બંધ મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી રૂમના લાકડાના કબાટના લોકરમાં રાખેલ સોનાના



દાગીનાની તથા રોકડ રકમની ચોરી કરી લઈ ગયેલ હોય. જે અંગે જયંતિભાઈએ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ થયેલ હતો.

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જીલ્લામાં બનતા અનડીટેકટ ગુન્હાઓ ડીટેકટ કરી આરોપીને ત્વરીતપણે પકડી પાડવા તથા ધોરણસર કાર્યવાહી કરવા સુચના આપેલ હોય. જે અન્વયે અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાના માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા ઘરફોડ ચોરીના અનડિટેકટ ગુન્હાઓનો ભેદ ઉકેલવા માટે સી.સી.ટી.વી કેમેરાની મદદથી સઘન તપાસ કરી સંદિગ્ધ વ્યકિતઓની ખાનગી રાહે તપાસ ચલાવી ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સનો ઉપયોગ કરી ચોક્કસ બાતમી રાહે ઘરફોડ ચોરીના બે ગુન્હાને ડિટેકટ કરી આરોપી નુરમામદભાઈ ઉર્ફે નુરાભાઈ આમદભાઈ ઠેબા (ઉ.વ. ૫૪) ધંધો રિક્ષા ડ્રાઈવિંગ (રહે. જેતપુર) ને ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે ગણતરીના દિવસોમાં પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# સાવરકુંડલામાં સ્વામીનારાયણ સંપ્રદાયનો મહા રકતદાન કેમ્પ યોજાયો





સાવરકુંડલા, તા. ૧૮

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલશ્રી લક્ષ્મીનારાયણ દેવ દિશતાબ્દી મહોત્સવ અને સનાતન પ.પુ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય રાજેન્દ્ર પ્રસાદજી મહારાજના અમંત મહોત્સવ એટલે કે ૭૫ વર્ષના ઉપલક્ષમાં પ.પુ. ૧૦૮ ભાવિઆચાર્ય નૃગેન્દ્ર પ્રસાદજી મહારાજની પ્રેરણાથી લોક હિતાર્થ તા. ૧૭/૩/૨૪ ને રવિવનારે સમય ૯ થી ૧૨ એક જ સમય એક જ તારીખે સમગ્ર ગુજરાતન માં ૧૦૭ જગ્યાએ તેમજ ભારત, અમેરીકા, ઓસ્ટ્રેલીયા, આફ્રીકા, ઈંગ્લેન્ડ, દુબઈ, જર્મની, અને કેનેડા વગેરે દેશોમાં આંતર રાષ્ટ્રીય મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેના ભાગરૂપે પટેલ સમાજની વાડી સાવરકુંડલા મુકામે ૧૫૪ યુનીટ મહતમ રકતદાન ભકતો દ્વારા કરવામાં આવેલ.

આ પ્રસંગે દિપ પ્રાગટય એસ.પી. સ્વામી ગઢડા સાંસદ નારણભાઈ કાછડીયા, અમરેલી દ્વારા કરવામાં આવેલ આ રકતદાન કેમ્પમાં માનવતા મહેમાનો નગરપાલીક પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી તથા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના ડો. દિપકભાઈ શેઠ તેમજ વિનુભાઈ રાવળ, સામાજિક આગેવાન પરશોતમભાળ કાનાણી કેળ વણીકાર પ્રતાપભાઈ ખુમાણ તથા પટેલ વાડી પ્રમુખ ઘનશ્યામભાઈ જયાણી તથા શહેર ભાજપ પ્રમુખ પ્રવિણભાળ સાવજ વિવિધ સામાજિક તેમજ રાજકીય આગેવાનો હાજર રહયા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગોરધનભાઈ કાનાણી, જયંતીભાઈ જયાણી, રમેશભચઈ રાદડીયા, પ્રકાશદાદ વિગેરે જહેમત ઉઠાવેલ હતી.

### માનવ વસાહતમાં વન્યપ્રાણીઓનાં લીધે પરેશાની

# અમરેલી : બગસરા માર્ગ ઉપર નીલગાય આડે ઉતરતાં બોલેરો પલ્ટી

### બોલેરો ચાલકને સારવારમાં ખસેડાયા



બગસરા, તા. ૧૮

બગસરા રોડ પર ભંડારીયા પાસે સિમેન્ટ ભરેલ બોલેરો નીલગાય આડુ પડતા પલ્ટી માર્યુ. બગસરા રોડ પર ભંડારીયા પાસે સિમેન્ટ ભરેલ બોલેરો અચાનક નીલગાય આડુ પડતા પલ્ટી માર્યુ હતું.

મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગરથી બગસરા તરફ જતું બોલેરો નીલગાય આડુ પડતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ડ્રાઈવરને ઈજા થતાં તાત્કાલિક દવાખાને ખસેડવામાં આવ્યા હતા તેમજ ગાડીમાં પાછળના એકસલ ભાંગી જતાં વ્હીલ બહાર નીકળી ગયું હતું અને અકસ્માત સર્જાયો હતો.

### ધો. ૧૦ અને ધો. ૧૨ ની પરીક્ષા અંતિમ તબક્કામાં

# સા.કુંડલામાં ધો. ૧૦ની પરીક્ષામાં ડમી વિદ્યાર્થી ઝડપાતા ચકચાર

### ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ૪ વિદ્યાર્થી ગેરહાજર

અમરેલી, તા. ૧૮

હાલમાં ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ ચાલી રહી છે ત્યારે સાવરકુંડલા ગામે આજે ધોરણ ૧૦ ની પરીક્ષામાં એક ડમી વિદ્યાર્થી ઝડપાયો હતો. બાકી સમગ્ર જિલ્લામાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા યોજાઈ હતી.

અમરેલી જિલ્લામાં આજે સવારે ધોરણ ૧૦ની વિજ્ઞાન વિષયની પરીક્ષા યોજાઈ હતી. જેમાં કુલ નોંધાયેલા ૧૭૪૨૨ પૈકી ૧૬૮૬૯ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. અને તેમાં ૫૫૩ વિદ્યાર્થીઓ ગેરહાજર જોવા મળ્યા હતા.

જયારે આજે બપોરે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગણિત વિષયની પરીક્ષા યોજાઈ હતી. જેમાં કુલ નોંધાયેલા ૫૫૧ પૈકી ૫૪૭ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. અને તેમાં ૪ વિદ્યાર્થીઓ ગેરહાજર જોવા મળ્યા હતા.

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં વાણિજય વ્યવસ્થા વિષયની પરીક્ષા યોજાઈ હતી. જેમાં કુલ નોંધાયેલા ૩૩૬૧ પૈકી ૪૩૩૨ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. અને તેમાં ૨૯ વિદ્યાર્થીઓ ગેરહાજર જોવા મળ્યા હતા.

આજે સાવરકુંડલા ગામે જેસર રોડ ઉપર આવેલ સ્વામી નારાયણ ગુઢકુળમાં સાવરકુંડલાના જીરા ગામના પરીક્ષાર્થીને બદલે પ્રિયેશ હાદા ભાઈ ચોપડા નામનો ડમી વિદ્યાર્થી સંકુલ સંચાલકે ઝડપી લીધાનું જાણવા મળેલ છે.

### ધારી હેઠળની તુલસીશ્યામ રેન્જનાં

# કોઠારીયા રાઉન્ડ ફોરેસ્ટ ઉપર અગાઉનાં મનદુઃખે થયો હુમલો

### એક મહિલા સહિત ૪ સામે તપાસ શરૂ

અમરેલી, તા. ૧૮

ગીર (પૂર્વ) વન વિભાગ ધારીની તુલસીશ્યામ રેન્જમાં ફરજ બજાવતા કોઠારીયા રાઉન્ડના વનપાલ બી.જી. સોલંકી તા. ૧૬/૩/૨૦૨૪ ના રોજ કોઠારીયા સેટલમેન્ટ વિસ્તારમાં પોતાના ફેરણામાં હોય તે દરમ્યાન માછીમારીના ગુન્હામાં સંડોવાયેલા વડાલી ગામના ઈસમો (૧) રમજાન જુમાભાઈ સંધી (૨) યાસીદ જુમાભાઈ (૩) જુમાભાઈ સંઘી તથા તેમના પત્નિએ માછીમારીના ગુન્હાનો રાગદ્વેશ રાખી લાકડી, લોખંડનો પાઈપ તથા ઢીકાપાટાથી હુમલો કરી બી.જી. સોલંકીને ઈજા પહોંચાડેલ હોય તથા જાનથી મારી નાખવાની ધમકી પણ આપેલ હોય. જેથી ૧૦૮ નંબર પર ફોન કરી સરકારી એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પીટલ ઉના ખાતે સારવાર અર્થે દાખલ થયેલ છે. નાયબ વન સંરક્ષક રાજદીપસિંહ ઝાલા તથા મદદનીશ વન સંરક્ષક મનીષ ઓડેદરાના માર્ગદર્શન મુજબ રેંન્જ ફોરેસ્ટ ઓફીસર આર.ડી. પાઠક દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

### જાગૃત્ત નાગરિકની ટીડીઓને રજૂઆત

# સાવરકુંડલાનાં વાંશીયાળી ગામે જનતા જનાર્દનનાં નાણાનો દુરૂપયોગ

### તટસ્થ તપાસ ન થાય તો કાનૂની કાર્યવાહીની ચીમકી

અમરેલી, તા. ૧૮

સાવરકુંડલા તાલુકાના વાંશીયાળી ગામે ગ્રામ પંચાયત હસ્તક ૧૫ માં નાણાપંચ જિલ્લા ટાઈડ ગ્રાન્ટ અંતર્ગત કાચ વીરડા ખોડીયા પાસે નદીમાં બનાવવામાં આવેલ ચેકડેમનું કામ કરવામાં આવેલ છે. આ કામ સરપંચની મીઠીનજર એટલે કે સરપંચના માર્ગદર્શન હેઠળ લોક કલ્યાણમાં વિઘ્ન ઉભુ કરવામાં આવેલ હોય અને સરકારનાં નાણાનો દુરવ્યય જે તે કક્ષાએ પહોંચેલ હોય. સરપંચ પોતાની મનમાની રાજકીય માણસોનો સહકારથી ગામના સરપંચ ધ્વારા આ કામમાં મોટાપાયે ભ્રષ્ટાચાર કરવામાં આવેલ હોય જે યોગ્ય અને વ્યાજબી નથી. તેમજ સીમેન્ટ જથ્થો પણ ઓછો વાપરવામાં આવેલ છે તેમજ તેમાં જે રેતી વાપરવામાં આવેલ છે તે માટીવાળી તેમજ કાચા પથ્થરની અઅને હલકી ગુણવત્તાવાળી વાપરવામાં આવેલ છે. તેમાં મોટા મોટા પથ્થર નાખી જેમતેમ કામ કરી રૂપિયા સરકારના પડાવી લેવા ઉતાવળે કામ કરેલ છે.

જો આ બાબતે તપાસ કરવામાં નહી આવે અથવા કોઈ રાજકીય માણસની શરમમાં રહી કાર્યવાહી કરવામાં નહી આવે તો મારે ના છુટકે કાનૂની કાર્યવાહી લોકહીતમાં કરવાની ફરજ પડશે. જો આ બાબતે યોગ્ય તપાસ કરવામાં નહી આવે તો જેની સઘળી જવાબદારી જે તે તપાસ કરનાર અધિકારીની રહેશે તેમ હિંમતભાઈ બગડા એ ટીડીઓને પાઠવેલ પત્રમાં જણાવેલ છે.

## અમરેલીથી સુરત સુધીનાં હીરા બજારમાં ભૂકંપ સર્જાયો

# સાવરકુંડલા ખાતેથી રૂપિયા ૧૦ કરોડનાં હીરા સાથે કમિશન એજન્ટ ગાયબ

### કમિશન એજન્ટ ૧૫ માર્ચનાં ટ્રેનમાં મુંબઈથી સાવરકુંડલા આવ્યા બાદ ગાયબ

### કમિશન એજન્ટનાં પરિવારજનોએ સગા-સબંધી સહિત તમામ જગ્યાએ તપાસ કરાવી પરિણામ શૂન્ય

### કમિશન એજન્ટ ગાયબ થયા કે અન્ય કોઈ વ્યકિતએ ગાયબ કર્યા તે તપાસનો વિષય

### કમિશન એજન્ટ યુવકની દીકરીની તબિયત તેના પિતા ગાયબ થતાં રડી રડીને બગડી

(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરમાં હીરા બજારમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ છેલ્લા ૪૮ કલાક પહેલા એટલે કે તા. ૧૫/૩ શુક્રવાર સાંજે ૬ કલાક પછી સાવરકુંડલા હીરા બજાર સાથે સંકળાયેલા સગર જયંતિ કરશનભાઈ અચાનક ગુમ થઈ ગયેલ છે.

એક અંદાજ મુજબ તેની પાસે રહેલા જુદા જુદા શહેરોના હીરાના મોટા મોટા વેપારીઓએ મુંબઈ હીરા માર્કેટમાં વેચાણ અર્થે આપેલા કિંમતી હીરાઓ કે જેનો આંકડો અંદાજે ૧૦ કરોડ થવા જાય છે.

તા. ૧૫/૩ શુક્રવારે સવારે ટ્રેન મારફત મુંબઈથી સાવરકુંડલા આવેલ જયંતિ કળથિયા સાંજે ૬ વાગ્યા પછી સંપર્ક વિહોણો બની ગયેલ છે જેનો મોબાઈલ પણ સ્વીચ ઓફ આવે છે. આ પરિવારે તમામ સગા સંબંધીઓ, મિત્રોનો સંપર્ક કરી જાણવા પ્રયત્નો કર્યા પણ આ વ્યકિતનો કયાંય સંપર્ક થઈ શકતો નથી. આથી જયંતિ કળથીયાના પિતા કરશનભાઈ તથા ભાઈ દિનેશ કળથીયા દ્વારા સાવરકુંડલા ટાઉન પોલીસમાં જયંતી કરશનભાઈ કળથીયા સગર (ઉં.વ. ૪૦) ગુમ થવાની જાહેરાત આપી છે.



આ દરમિયાન આ વ્યકિત ગુમ થવાથી મુંબઈ હીરા માર્કેટથી સાવરકુંડલા હીરા માર્કેટ સુધી ખળભળાટ મચી ગયેલ છે. અંદાજે સાવરકુંડલા, સુરત, પાલીતાણા, બોટાદ, જસદણ, મુંબઈ, અમદાવાદ સહિત અનેક હીરા વેપારીઓએ આ કમિશન એજન્ટને કરોડો રૂપિયાના હીરા વેચવા માટે આપેલા છે. આ વેચાણ અર્થે આપેલા હીરાઓનું શું થયું એ મોટો સવાલ છે..? વેચાણથી આટલી મોટી રકમ આવી હોય તો રકમ કયાં ગઈ..?

આટલી મોટી રકમના હીરા સાથે સગર જયંતી કરશનભાઈ કળથીયા ગુમ થવાથી સમગ્ર પરિવાર માથે આભ ફાટી પડયું છે. તેના મમ્મી કે જે હાર્ટ અને ડાયાબીટીક પેશન્ટ છે તેમની તબિયત અતિ ગંભીર બની જતા સાવરકુંડલા હોસ્પિટલે ખસેડવા પડયા છે. આ કમિશન એજન્ટની ધો. ૯ માં અભ્યાસ કરતી એકની એક દીકરીની રડી રડીને હાલત ખરાબ થઈ ગઈ છે.

સગર કરસનભાઈ ગોપાભાઈ કળથીયાના બે દીકરામાં મોટો જયંતિ અને નાનો દિનેશ આ બંને પોત પોતાની રીતે સ્વતંત્ર અલગ રહે છે. પિતા કરશનભાઈ સફેદ હીરા અને જયંતિ કલરવાલા હીરાનો પોત પોતાની રીતે અલગ અલગ હીરા બજારમાં ધંધો કરે છે. જયારે નાનો ભાઈ દિનેશ સ્વતંત્ર રહીને સનરાઈઝ સ્કુલમાં ઓફિસ સુપ્રીટેન્ડેન્ટ તરીકે સર્વિસ કરે છે.

છેલ્લા ૪૮ કલાકથી આ વ્યકિતની કોઈ ભાળ મળી નથી, એટલે ખરેખર શું બન્યું છે તેની ચોક્કસ ધારણા બાંધી શકાતી નથી. હીરાના વેપારીઓ સાથે કરોડોનું ચીટીંગ થયું છે કે દસેક કરોડના કિંમતી હીરા અથવા રોકડ સાથે અપહરણ થયું છે..?! આ સવાલનો જવાબ જયાં સુધી આ વ્યકિતની ભાળ ન મળે ત્યાં સુધી મળવો મુશ્કેલ છે.

એક સંયુકત નિવેદનમાં કરશનભાઈ અને દિનેશ કળથીયા જણાવે છે કે, જયંતિ કરશનભાઈ કળથીયા ઉંમર વર્ષ ૪૦ છેલ્લા ઘણા વર્ષોથી અલગ રહે છે અને પોતે પોતાની રીતે સ્વતંત્ર અલગ હીરા વેચવાનો ધંધો કરે છે એટલે તેના વ્યવહારની તેના પિતાને કે ભાઈને જાણકારી હોતી નથી જેથી જે કાંઈ હીરા વેપાર બાબતની જવાબદારી હોય તે તેની એટલે કે જયંતિ કરસનભાઈ કળથીયાની પોતાની સ્વતંત્ર છે. એમા કુંટુંબના બીજા સભ્યોની કોઈ ભૂમિકા નથી.

---


### ચૂંટણી સંબધી વિગતો અંગે માહિતી આપવા

## અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાની રાજકીય પક્ષો સાથે બેઠક યોજાઈ

### રાજકીય પક્ષોનાં પ્રતિનિધિઓએ સૂચનો રજૂ કર્યા

અમરેલી, તા. ૧૮

લોકસભા સમાન્ય ચૂંટણી-૨૦૨૪ની જાહેરાત થતાં આદર્શ આચારસંહિતા અમલી છે. ૧૪-અમરેલી લોકસભા મત વિસ્તારમાં આગામી તા. ૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન યોજાશે. લોકસભા સામાન્ય ચૂંટણીની આદર્શ આચારસંહિતા અમલી હોય અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા મેજીસ્ટ્રેટ અજય દહિયાએ અમરેલી જિલ્લામાં કાર્યરત રાજકીય પક્ષો સાથે એક બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને લોકસભા ચૂંટણી દરમિયાન કરવામાં આવતા ખર્ચના હિસાબો માટે ચૂંટણી પંચની સૂચના મુજબ વિવિધ ચીજવસ્તુઓના નકકી કરવામાં આવેલા ભાવ વિશેની વિગતો આપવામાં આવી હતી. આ બેઠકમાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓના સૂચનો અને રજૂઆતોને જિલ્લા ચૂંટણી અધિકારીએ સાંભળ્યા હતા.



આ ઉપરાંત રાજકીય પક્ષોને આદર્શ આચાર સંહિતા સંબંધિત માહિતી આપવામાં આવી હતી. મંત્રીઓ, પદાધિકારીઓ નાણાકીય સહાય, નવી યોજનાઓના લોકાપર્ણ, ખાતમુહૂર્ત આચારસંહિતા દરમિયાન કરી શકશે નહીં. પદાધિકારીઓ કચેરી કામ અર્થે ચૂંટણી હેઠળના વિસ્તારોની મુલાકાત લઈ શકાશે નહીં. ચૂંટણી હેઠળના વિસ્તારોની મુલાકાત લઈ શકશે નહીં. રાજકીય પક્ષોની બેઠક માટે સર્કિટ હાઉસનો ઉપયોગ કરી શકાશે નહીં. એક મતદાર વિભાગમાં કોઈ એક ઉમેદવાર કરી શકશે. ઉમેદવારી કરી શકશે. ઉમેદવારની ઓછામાં ઓછી ઉંમર ૨૫ વર્ષ હોવી જોઈએ. ઉમેદવારનું નામ ભારતના કોઈ પણ મતદાર વિભાગમાં તેમજ દરખાસ્ત કરનારનું નામ ૧૪-અમરેલી લોકસભા મતવિસ્તારમાં નોધાયેલું હોવું જોઈએ. આ ઉપરાંત રાજકીય પક્ષોને ખર્ચ મર્યાદા, ડિપોઝીટ સહિતની વિગતો આ બેઠકમાં આપવામાં આવી હતી.

---

## અમરેલી જિલ્લા પંચાયતના વિપક્ષી નેતા તરીકે જેરામભાઈ કાછડની વરણી



અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા તરીકે રાજુલા તાલુકાની ડુંગર જિલ્લા પંચાયતના સભ્ય જેરામભાઈ દુલાભાઈ કાછડ ઉફ જે ડી કાછડ આજરોજ અમરેલી જિલ્લા કોંગ્રેસની બેઠકમાં નિર્ણય લેવામાં આવેલો છે અને આ નિર્ણયને અમરેલી જિલ્લાના કોંગ્રેસના આગેવાન પરેશભાઈ ધાનાણી વિરજીભાઈ ઠુંમર ઠાકરશીભાઈ મેતલીયા, જેનીબેન ઠુંમર, પ્રતાપભાઈ દુધાત, ચંદ્રેશભાઈ રવાણી, ટીકુભાઈ વરૂ, નાયાભાઈ ગુજર, અશોકભાઈ ચાવડા તેમજ જિલ્લા પંચાયતના સભ્યઓ અને કોંગ્રેસના વિવિધ સેલના આગેવાનોએ તેમજ તાલુકા પંચાયતના પુવ જિલ્લા પંચાયતના ચેરમેનઓ સહિતના આગેવાનોએ આ વરણીને આવકારેલ છે અને ખુશી વ્યક્ત કરી છે તેવું અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતના પી. એમ.ની યાદીમાં જણાવે છે.

---

## લીલીયામોટાનાં વાલીઓ દ્વારા આરટીઈ અંતર્ગત સંખ્યા ફાળવણી કરવા અંગે રજૂઆત

લીલીયા મોટા, તા. ૧૮

લીલીયામોટા વાલીઓ દ્વારા તાલુકા પંચાયત કચેરી ખાતે આવેલ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીની કચેરીએ આવેદન પાઠવેલ અને આવેદનપત્ર માં જણાવેલ કે, આપને રજુઆત એવા પ્રકારની છે કે, આર.ટી.ઈ. અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪નાં વર્ષમાં ધોરણ ૧ માં પ્રવેશ પ્રક્રિયા હેઠળ ૩૧ મે માં ૬ વર્ષ પુર્ણ થયેથી તે જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો. જે બાબતે ગત વર્ષમાં ખુબજ ઓછી સંખ્યામાં બાળકો પ્રવેશપાત્ર બન્યા હોય જેથી આ વર્ષે ૨૦૨૪-૨૫ માં ખુબજ ઓછી સંખ્યામાં બાળકોને પ્રવેશ મળી શકે તેમ હોય જેથી ઉપરોકત સંદર્ભ-વિષય બાબતે ત્રણ વર્ષની ધોરણ-૧ની પ્રવેશ સંખ્યાના આધારે વર્ષ ૨૦૨૪-૨૫ માં ધોરણ ૧ માં આર.ટી.ઈ.માં પ્રવેશ આપવામાં આવે અથવા તો તેનો આપ ઉપર લેવલે રજુઆત કર્યેથી સર્વે કરવો તેવી અમો વાલીઓ દ્વારા વિનંતી સહ રજુઆત કરવામાં આવેલ. જેથી આર્થિક ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને આ આર.ટી.ઈ. અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા મળી રહે જે અર્થે તેના હિતમાં નિર્ણય વાલીગણ દ્વારા આવેદન આપી અપીલ રજુઆત કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.



---

### રાજ્ય નોડલ એજન્સી તરીકે નિમણૂંક થતાં

## આનંદો : ખેડૂતો પાસેથી ગુજકોમાસોલ તુવેર, ચણા અને રાયડાની ટેકાનાં ભાવે ખરીદી કરશે

### ૯૦ દિવસથી ખરીદી શરૂ કરવામાં આવી

અમરેલી, તા. ૧૮

ગુજકોમાસોલ કેન્દ્ર સરકાર તથા રાજય સરકારનાં સંયુકત સહયોગથી નોડલ એજન્સી તરીકે ગુજરાતમાં ટેકાના ભાવની વિવિધા જણસીઓની ખરીદી કરતું આવ્યું છે. ચાલું વર્ષ ૨૦૨૩-૨૪માં પણ ચાલુ સીઝને તુવેર, ચણા અને રાયડાની ખરીદી માટે રાજય નોડલ એજન્સી તરીકે ગુજકોમાસોલની નિમણૂંક કરવામાં આવેલ છે. સદર ખરીદી તા. ૧૮/૩/૨૦૨૪થી આગામી ૯૦ દિવસ સુધી તુવેરમાં ૧૪૦, ચણામાં ૧૮૭ અને રાયડામાં ૧૧૦ ખરીદ કેન્દ્રો ખાતેથી થશે.

ખેડૂતો પાસેથી ટેકાના ભાવે રૂા. ૧૭૧૫ કરોડની ૨.૪૫ લાખ મે. ટન તુવેર, રૂા. ૧૭૬૨ કરોડની ૩.૨૪ લાખ મે. ટન ચણા અને રૂા. ૮૫૩ કરોડની ૧.૫૧ લાખ મે. ટન જેટલા રાયડાની ખરીદી કરાશે. જેમાં રાજયનાં અંદાજીત ૩.૨૫ લાખ ખેડૂતોને તેનો લાભ મળશે.





ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















### લોકસભાની ચૂંટણી પહેલાં પંચની કડક કાર્યવાહી

# ગુજરાત સહિત છ રાજ્યોના ગૃહ સચિવોને હટાવવા પંચનો આદેશ

## ચૂંટણી પંચ દ્વારા જે ૬ રાજ્યોના સચિવને હટાવાયા છે, તેમાં ગુજરાત, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, હિમાચલ પ્રદેશ સામેલ છે

નવી દિલ્હી, તા.૧૮

લોકસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચે કડક કાર્યવાહી કરી ૬ રાજ્યોના ગૃહ સચિવોને હટાવવાનો આદેશ કર્યો હોવાના અહેવાલો સામે આવ્યા છે. ચૂંટણી પંચે જે ૬ રાજ્યોના સચિવને હટાવ્યા છે, તેમાં ગુજરાત, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, હિમાચલ પ્રદેશ સામેલ છે. પંચે પશ્ચિમ બંગાળના ડીજીપીને પણ હટાવવાનો આદેશ આપ્યો છે. ચૂંટણી પંચે કહ્યું કે, નિષ્ફળ ચૂંટણી યોજવા તેમજ ચૂંટણીમાં સમાન તકોને ધ્યાને રાખી આ કાર્યવાહી કરવામાં આવી છે. ચૂંટણી પંચની કડક કાર્યવાહીથી સંદેશ મળી રહ્યો છે કે, લોકસભા ચૂંટણી ૨૦૨૪નું આયોજન સમાન સ્તરે કરવામાં આવશે. ચૂંટણી પંચે જે છ રાજ્યોના સચિવને હટાવવાનો આદેશ આપ્યો છે, તેમાં ગુજરાતના ગૃહ સચિવ પંકજ જોશી, ઉત્તરાખંડના શૈલેશ બૌલી, ઉત્તર પ્રદેશના સંજય પ્રસાદ, બિહારના સેન્થિલ કુમાર, ઝારખંડના અવિનાશ કુમાર, હિમાચલ પ્રદેશના ડૉ.અભિષેક જૈન સામેલ છે. જ્યારે પશ્ચિમ બંગાળના ડીજીપી રાજીવ કુમારને પણ હટાવવા આદેશ અપાયો છે.આ ઉપરાંત ચૂંટણી પંચે તમામ રાજ્ય સરકારોને આદેશ આપ્યો છે કે, તેઓ ચૂંટણી સંબંધિત કામ સાથે જોડાયેલા એવા અધિકારીઓની બદલી કરવી જોઈએ જેમણે ત્રણ વર્ષ પૂરા કર્યા હોય અથવા તેમના ગૃહ જિલ્લામાં હોય.ઉલ્લેખનિય છે કે, ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના ડીજીપીને ૨૦૧૬માં રાજયની વિધાનસભા ચૂંટણી અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમિયાન ચૂંટણી ડ્યુટી પરથી હટાવી દીધા હતા. ત્યારે ચૂંટણી પંચે ૨૦૨૪ની ચૂંટણીને ધ્યાને રાખી ફરી બંગાળના ડીજીપીને હટાવવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કમિશનર ઈકબાલ સિંહ ચહલની સાથે એડિશનલ કમિશનર અને ડેપ્યુટી કમિશનરને પણ હટાવી દેવાયા છે. આ ઉપરાંત મિઝોરમ અને હિમાચલ પ્રદેશના જીએડી સેક્રેટરીને પણ હટાવી દેવામાં આવ્યા છે.

પશ્ચિમ બંગાળ સરકારે નવા ડીજીપી માટે ત્રણ નામની ભલામણ કરી છે, જેમાં સંજય મુખરજી, રણવીર કુમાર અને ડૉ.રાજેશ કુમાર સામેલ છે. આ ત્રણેમાંથી કોઈ એક બંગાળના નવા ડીજીપી બની શકે છે. ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચે શનિવારે ૧૬ માર્ચે દેશમાં લોકસભાની ચૂંટણીઓની તારીખો જાહેર કરવા ઉપરાંત કેટલાક રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ અને પેટા-ચૂંટણીની પણ તારીખનો કાર્યક્રમ જાહેર કરી છે. દેશમાં લોકસભા ચૂંટણી માટે ૧૯ એપ્રિલથી શરૂ થનાર મતદાન કુલ સાત તબક્કમાં યોજાશે, જ્યારે ચાર જૂને પરિણામ જાહેર કરાશે. આ ઉપરાંત ચાર રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી પણ યોજાવાની છે, તેમાં આંધ્રપ્રદેશમાં ૧૩ મે, સિક્કમ અને અરૂણાચલ પ્રદેશમાં ૧૯ એપ્રિલે, જ્યારે ઓડિશામાં ચાર તબક્કામાં ૧૩ મે, ૨૦ મે, ૨૫ મે અને પહેલી જૂને મતદાન યોજાશે. જ્યારે ગુજરાતમાં પાંચ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી પણ ૭ મેના રોજ જ મતદાન થશે. આ વખતની ચૂંટણીમાં દેશમાં કુલ ૯૬.૮૮ કરોડ મતદારો રજિસ્ટર્ડ થયા છે. ચૂંટણી પંચે આ તમામ ચૂંટણીઓનું પરિણામ ચાર જૂને જાહેર કરવાનો નિર્ણય લીધો હતો, જેકે પંચે સિક્કમ અને અરૂણાચલ પ્રદેશની તારીખોમાં ફેરફાર કરી પરિણામ બીજી જૂનો જાહેર કરવાનો નિર્ણય કર્યો છે.

### મુંબઈમાં કોંગ્રેસની મેગા રેલીમાં ચૂંટણી પ્રચાર

# સત્તા પર આવીશું તો ઈવીએમ દ્વારા મતદાન નહીં થવા દઈએ : ઈન્ડિયા

## રેલીમાંથી સ્પષ્ટ મેસેજ આપવામાં આવ્યો હતો કે આગામી દિવસોમાં વિપક્ષના ચૂંટણી પ્રચારમાં ઈવીએમ જ પર ટાર્ગેટ રહેશે

નવી દિલ્હી, તા.૧૮

રવિવારે મહારાષ્ટ્રના મુંબઈમાં કોંગ્રેસની મેગા રેલીમાં ઈન્ડિયા બ્લોકના નેતાઓએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા અને લોકસભા ચૂંટણી માટે પોતાના ઈલેક્શન કેમ્પેઈનની શરૂઆત પણ કરી દીધી. તમામ નેતાઓના ટાર્ગેટ પર ઈવીએમ રહ્યું હતું. રેલીમાંથી સ્પષ્ટ મેસેજ આપવામાં આવ્યો હતો કે આગામી દિવસોમાં વિપક્ષના ચૂંટણી પ્રચારમાં ઈવીએમ જ પર ટાર્ગેટ રહેશે. ગઠબંધનમાં સામેલ પાર્ટીઓના નેતાઓએ ઈવીએમ દ્વારા મતદાન પ્રક્રિયાનો વિરોધ કર્યો હતો અને એલાન કર્યું છે કે જો અમે સત્તામાં આવીશું તો ઈવીએમ દ્વારા ક્યારેય મતદાન થવા નહીં દઈશું.કોંગ્રેસ નેતા રાહુપલ ગાંધીની રવિવારે ભારત જોડો ન્યાય યાત્રાના સમાપન પર મુંબઈના ઐતિહાસિક શિવાજી પાર્ક મેદાનમાં ઈન્ડિયા બ્લોકના દિગ્ગજ નેતાઓનો જમાવડો થયો હતો. આ દરમિયાન નેતાઓએ મતદાન માટે ઈવીએમના ઉપયોગ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો. તમામ નેતાઓએ ઈવીએમ મતદાન વિરુદ્ધ વાત કરી અને કહ્યું કે, જો ઈન્ડિયા બ્લોક સત્તા આવશે તો ઈવીએમને વોટિંગ પ્રક્રિયામાંથી હટાવી દઈશું અને ઈસીઆઈને સ્વતંત્રતા આપીશું.કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, ’નરેન્દ્ર મોદી ઈવીએમ વિના ચૂંટણી ન જીતી શકે. અમે ચૂંટણી પંચને વિનંતી કરી કે અમને ઈવીએમ બતાવે અને અમારા નિષ્ણાતોને મશીન બતાવે. તેણે અમને બતાવવાનો ઈનકાર કરી દીધો. અમે મશીન અને તેમાંથી નીકળતા કાગળો વિશે પૂછ્યું પરંતુ તેમણે તે કાગળોને ગણવાનો ઈનકાર કરી દીધો. રાજાની આત્મા ઈવીએમ છે. નરેન્દ્ર મોદીનું કામ છે તમારું ધ્યાન હટાવવાનું. છેલ્લા ૪૦ વર્ષની સરખામણીમાં આજે બેરોજગારી સૌથી વધુ છે. આખી સિસ્ટમ નિયંત્રણમાં છે. જ્યારે તેમની સરકાર પહેલીવાર સત્તામાં આવી ત્યારે અરુણ જેટલીએ આવીને મને કહ્યું હતું કે જમીન અધિગ્રહણની વાત ન કરો. મેં પૂછ્યું કે હું તેના વિશે કેમ ન બોલું? તેમણે કહ્યું કે જો તમે બોલશો અમે તમારી સામે કેસ કરી કરીશું. ઈડી મારી પાસે આવી અને ૫૦ કલાક સુધી મારી પૂછપરછ કરી. ઈડી અધિકારીએ મને કહ્યું કે તમે કોઈનાથી નથી ડરતા તમે નરેન્દ્ર મોદીને હરાવી શકો છો.’આમ આદમી પાર્ટીના નેતા સૌરભ ભારદ્વાજે કહ્યું કે, ’જુઓ આજે અમે બધા એકસાથે છીએ. અહીં મંચ પર હાજર આ નેતાઓને જેલમાં જવાનો કોઈ ડર નથી. ઈવીએમ સેટ થઈ ગયુ છે. જો ઈવીએમમાંથી ૧૦% વોટ વધશે તો તમારે ૨૦% વધુ વોટ લઈને આવવું પડશે. બાદમાં અમે ઈવીએમ હટાવી દઈશું. નેશનલ કોન્ફરન્સના નેતા ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે, આ લોકો મશીન ચોર છે. કૃપા કરી મશીન પર નજર રાખો કે તમારો મત ક્યાં જઈ રહ્યો છે અથવા કોઈ બીજાને મત જઈ રહ્યો છે. જ્યારે અમારું ઈન્ડિયા ગઠબંધન સત્તામાં આવશે તો આ મશીનને હટાવી દેવામાં આવશે અને ચૂંટણી પંચ સ્વતંત્ર થઈ જશે. એવી જ જ રીતે વંચિત બહુજન અઘાડીના પ્રમુખ૦ પ્રકાશ આંબેડકરથી લઈને અન્ય ટોચના નેતાઓએ પણ ઈવીએમ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

# સાવરકુંડલા નાવલીપર ચેકડેમનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય મહેશભાઈ કસવાળા

સાવરકુંડલા, તા. ૧૮

નદીઓના નિરનો પ્રવાહ સામાન્ય રીતે દક્ષીણ તરફ જોવા મળતો હોય છે ત્યારે નાવલી નદી એ ઉતર દિશામાં વહે અને આ નદીના પાણીનો પ્રવાહ એટલો ઝડપી અને તેજ છે કે જેમા અનેક વાર પુર આવ્યા પરંતુઆ પાણી વધીને ૨ થી ૩ કલાકમાં પુરૂ થઈ જાય છે આ નદીમાં આવેલ પાણીનો સંગ્રહ કરવા માટે સાવરકુંડલા શહેરી વિસ્તાાર ના પાણીના સ્તરમાં અને આજુબાજુ ના ખેડુતોને ખુબ મોટો ફાયદો થશે આ નવ નિર્માણ ચેકડેમ બનશે ભૂવા રોડ બ્રિજ થી આગળ શાક માર્કેટ સુધીના કેચમેન્ટ એરીયામાં પાણી ભરાશે આવનાર સમયમાં વિસ્તારના વિકાસને વહેણને ગતિ પ્રદાન કરવાનુ કામ કરશે આ ચેકડેમ ના નવ નિર્માણનું ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના હસ્તે તા. ૧૬–૩–૨૪ ના રોજ સવારે ૯.૩૦ કલાકે ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતુ આ દરમિયાન જિલ્લ ભાજપ ઉપપ્રમુખ શરદભાઈ પંડયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, નગરપાલીકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, પ્રતીકભાઈ નાકરાણી તેમજ અશોકભાઈ ચૌહાણ સહિત સિંચાઈ વિભાગના અધિકારીઓ, નગરપાલીકાના સભ્યો, સંગઠનના પદાધિકારીઓ તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા તેમ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાની અખબારી યાદીમાં જણાવ્યું છે.



### એક સમયે કેનેડામાં સેટલ થવાનો ભારતીયોમાં ક્રેઝ હતો

# કેનેડાની સિટિઝનશિપ માટેની ડિમાન્ડમાં ભારે ઘટાડો નોંધાયો

## ૧૯૯૬થી ૨૦૨૧ સુધીના ગાળાને આવરી લઈને રિસર્ચ ઈમિગ્રન્ટમાં સિટિઝનશિપ રેટ ૩૦ ટકા જેટલો ઘટી ગયો

નવી દિલ્હી, તા.૧૮

કેનેડા જઈને સેટલ થવા માટે એક સમયે ભારતીયોમાં ભારે ક્રેઝ હતો, પરંતુ હવે કેનેડાના વળતા પાણી હોય તેવું લાગે છે. માત્ર ભારત જ નહીં પરંતુ દરેક જગ્યાએ આવું જોવા મળે છે. તેના કારણે કેનેડાની સિટિઝનશિપ માટે પણ ડિમાન્ડ ઘટી છે. તાજેતરનો એક સરવે બતાવે છે કે ૨૦ વર્ષ અગાઉના કેનેડા અને આજના કેનેડામાં ઘણો ફરક છે. તેથી ઈમિગ્રન્ટ્સ હવે કેનેડાની સિટિઝનશિપ માટે પહેલા જેવી દોટ નથી લગાવતા. સ્ટેટિસ્ટિક્સ કેનેડાના રિપોર્ટ મુજબ કેનેડામાં અત્યારે વસતા ઈમિગ્રન્ટ્સમાં કેનેડાના નાગરિકત્વ માટે ક્રેઝ ઓછો થઈ ગયો છે. ૧૯૯૬થી ૨૦૨૧ સુધીના ગાળાને આવરી લઈને રિસર્ચ કરવામાં આવ્યું હતું. તેમાં જાણવા મળે છે કે ઈમિગ્રન્ટમાં સિટિઝનશિપ રેટ ૩૦ ટકા જેટલો ઘટી ગયો છે. સૌથી મોટો ઘટાડો છેલ્લા એક દાયકામાં આવ્યો છે. જે લોકો કેનેડામાં ૫, ૧૦ કે ૧૫ વર્ષથી રહે છે તેમાંથી કેટલા લોકો કેનેડાની સિટિઝનશિપ માટે અરજી કરે છે તેનો ડેટા ચકાસવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૯૬માં ૭૫ ટકાથી વધુ ઈમિગ્રન્ટ્સ કેનેડિયન સિટિઝનશિપ માટે અરજી કરતા હતા. જ્યારે વર્ષ ૨૦૨૧માં આ આંકડો ઘટીને ૪૫.૭ ટકા સુધી આવી ગયો હતો. ૨૦૧૬થી ૨૦૨૧ વચ્ચે તો ઈમિગ્રન્ટ્સમાં એવો મોહભંગ થયો કે તેમણે કેનેડાના નાગરિક બનવા માટે બહુ ઓછી અરજીઓ કરી હતી. અલગ અલગ ઈમિગ્રન્ટમાં કેનેડાની સિટિઝનશિપ માટેનો ક્રેઝ પણ અલગ અલગ હોય છે. ઉદાહરણ તરીકે જેમની વાર્ષિક આવક ૫૦,૦૦૦થી એક લાખ કેનેડિયન ડોલર વચ્ચે છે તેઓ કેનેડાની સિટિઝનશિપ મેળવે તેવી શક્યતા ૧૪ ટકા વધારે રહે છે જ્યારે ૧૦ હજાર ડોલરથી ઓછી આવક ધરાવતા લોકો કેનેડિયન સિટિઝનશિપ માટે અરજી કરવાનું ટાળે છે. આ ઉપરાંત હાઈસ્કૂલ ડિગ્રી ધરાવતા ૩૦.૫ ટકા લોકો કેનેડાની સિટિઝનશિપ માટે અરજી કરે છે જ્યારે યુનિવર્સિટીની ડિગ્રી ધરાવતા લોકોમાં આ અરજીનું પ્રમાણ ૫૧.૮ ટકા છે. ઈમિગ્રન્ટ્સ કયા દેશમાંથી આવ્યા છે તેના આધારે પણ ડેટા અલગ અલગ આવી શકે છે.

ઈસ્ટ એશિયાના દેશોના ઈમિગ્રન્ટમાં કેનેડિયન સિટિઝનશિપની ડિમાન્ડ ૫૮ ટકા ઘટી ગઈ છે જ્યારે સાઉથ ઈસ્ટ એશિયાના દેશોમાં ડિમાન્ડમાં ૪૦.૭ ટકા ઘટાડો થયો છે. વેસ્ટ એશિયાના દેશોમાંથી કેનેડિયન સિટિઝનશિપની માંગમાં ૩૦ ટકા ઘટાડો થયો છે. પૂર્વ યુરોપના દેશોમાં ૨૯ ટકા અને સેન્ટ્રલ અમેરિકાના લોકોમાં કેનેડિયન સિટિઝનશિપ માટે માંગમાં ૨૮.૨ ટકા ઘટાડો થયો છે.વર્ષ ૨૦૦૬થી લઈને ૨૦૧૬ દરમિયાન સ્થિતિ બદલાવા લાગી હતી કારણ કે સિટિઝનશિપની ટેસ્ટ અઘરી બની છે, લેંગ્વેજ સ્કિલની ડિમાન્ડમાં વધારો થયો છે. આ ઉપરાંત એપ્લિકેશન ફી પણ વધારે છે. કોવિડે પણ આ ડેટામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. કારણ કે કેનેડિયન સિટિઝનશિપની માંગ ઘટવામાં લગભગ ૪૦ ટકા ભૂમિકા તો કોવિડની રહી છે. આ ઉપરાંત ભારત જેવા દેશમાંથી મોટી સંખ્યામાં યુવાનો કેનેડા જાય છે પરંતુ પછી સિટિઝનશિપ માટે પ્રયાસ કરવો કે નહીં તે ત્યાંની પરિસ્થિતિ જોઈને નક્કી કરવામાં આવે છે.

### મહિલા પ્રીમિયર લીગમાં રોયલ ચેલેન્જર્સ ચેમ્પિયન

# ડબલ્યુપીએલમાં વિજેતા ટીમને છ કરોડ, રનર્સઅપને 3 કરોડનો પુરસ્કાર

## મહિલા પ્રીમિયર લીગની ઈનામી રકમ પાકિસ્તાન સુપર લીગમાં વિજેતા ટીમને મળનારી રકમથી બમણી

નવી દિલ્હી, તા.૧૮

ચૂંટણી બોન્ડ કેસમાં સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) ડી.વાય.ચંદ્રચૂડે એક સિનિયર એડવોકેટ (વરિષ્ઠ વકીલ)ને જોરદાર ફટકાર લગાવી હતી. અહેવાલ અનુસાર વકીલે બોન્ડ મામલે કોર્ટના ચુકાદાની સુઓ મોટો રિવ્યૂ કરવાની માગ કરી હતી. ઉલ્લેખનીય છે કે ટોચની કોર્ટે સોમવારે એસબીઆઈને ફટકાર લગાવતાં ૨૧ માર્ચ સુધીમાં ચૂંટણી બોન્ડને લગતી તમામ વિગતો જાહેર કરી દેવા આદેશ આપ્યો છે. અહેવાલ અનુસાર એડવોકેટ અને સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના (એસસીબીએ) અધ્યક્ષ અદીશ અગ્રવાલે ચૂંટણી બોન્ડને ગેરકાયદે જાહેર કરવાના ચુકાદાની સમીક્ષા કરવાની માગ કરી હતી. આ મામલે સીજેઆઈએ કહ્યું કે વરિષ્ઠ વકીલ હોવા ઉપરાંત તમે એસસીબીએના અધ્યક્ષ પણ છો. તમે પબ્લિસિટી માટે આ પત્ર લખ્યો છે. અમે તેના પર ધ્યાન જ આપવા નથી માગતા. મને વધારે કહેવા માટે મજબૂર ના કરશો. તમને પછી સાંભળવામાં મજા નહીં આવે. ખાસ વાત એ છે કે સોલિસીટર જનરલ તુષાર મહેતા પણ એડવોકેટ અગ્રવાલની માગથી અંતર જાળવતા દેખાયા હતા. તેમણે કહ્યું કે અમે તેમનું સમર્થન નથી કરતાં. જોકે આ પહેલીવાર નથી. અગાઉ પણ અગ્રવાલે ચૂંટણી બોન્ડ કેસમાં સુપ્રીમકોર્ટના ચુકાદા અંગે રાષ્ટ્રપતિ મુર્મૂને પત્ર લખ્યો હતો. અહીં સુપ્રીમકોર્ટ બાર એસોસિએશને પણ તેમના વિચારોથી અંતર જાળવી લીધું હતું અને કહ્યું હતું કે પેનલના સભ્યોએ રાષ્ટ્રપતિને પત્ર લખવા માટે અગ્રવાલને કોઈ ઓથોરિટી નથી આપી.

### ચૂંટણી બોન્ડ અંગે ટીએમસીનો વિચિત્ર ખુલાસો

# અજાણી વ્યક્તિ પક્ષના સબંધિત કાર્યાલયોમાં પૈસા છોડી ગઈ

## આ કારણોસર તેમને દાન આપનારાઓના નામ અને એડ્રેસ વિશે જાણ ન થઈ શકી હોવાનો મમતના પક્ષનો દાવો

કોલકાતા, તા.૧૮

ચૂંટણી બોન્ડ સ્કીમને સુપ્રીમ કોર્ટે રદ કરીને ચૂંટણી પંચને તેના ડેટા જાહેર કરવા માટે કહ્યું હતું. રવિવારે ચૂંટણી પંચે ચેના ફ્રેશ ડેટા જાહેર કર્યા જેમાં ૧૨ એપ્રિલ ૨૦૧૯થી પહેલાના સમયગાળાની વિગતો આપવામાં આવી. ટીએમસીએ ૨૦૧૮-૧૯ના ચૂંટણી બોન્ડના ખુલાસા અંગે એકદમ વિચિત્ર સ્પષ્ટતા આપી છે.

પાર્ટીએ દાવો કર્યો કે, અજાણ્યા વ્યક્તિઓએ કોલકાતામાં તેમના સબંધિત કાર્યાલયોમાં પૈસા છોડી ગયા હતા.

આ કારણોસર તેમને દાન આપનારાઓના નામ અને એડ્રેસ વિશે જાણ ન થઈ શકી.

ટીએમસીએ એ દાતાઓની ઓળખનો ખુલાસો નથી કર્યો જેમણે ૧૬ જુલાઈ ૨૦૧૮ અને ૨૨ મે ૨૦૧૯ વચ્ચે ચૂંટણી બોન્ડ દ્વારા સામૂહિક રૂપે લગભગ ૭૫ કરોડ રૂપિયાનું યોગદાન આપ્યુ હતું. જેડીયુએ પણ ટીએમસીની જેમ જ જવાબ આપ્યો.

ટીએમસીએ ૨૭ મે ૨૦૧૯ના રોજ ચૂંટણી પંચને આપેલી પોતાની અરજીમાં જણાવ્યું હતું કે આમાંના મોટાભાગના બોન્ડ તેની ઓફિસને અજ્ઞાત રીતે મોકલવામાં આવ્યા હતા. ડ્રોપ બોક્સમાં નાખવામાં આવ્યા હતા અથવા તો ઓફિસમાં કોઈ વ્યક્તિ દ્વારા છોડી દેવામાં આવ્યા હતા જેના કારણે ખરીદદારોના નામ અને વિગતો સુનિશ્ચિત કરવી તેમના માટે અશક્ય બની ગઈ હતી.

ટીએમસીએ સૂચન કર્યું કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલા ઈલેક્ટોરલ બોન્ડને તેમને સોંપવામાં આવેલા ખાસ નંબરનો ઉપયોગ કરીને ઓળખ શકાય છે. પાર્ટીએ સંકેત આપ્યો કે, આ બોન્ડના એકમાત્ર જારીકર્તા તરીકે SBI પાસે બોન્ડધારકોની તમામ જરૂરી વિગતો છે. જેમાં તેમના KYC દસ્તાવેજો, PAN કાર્ડ, ઓળખનો પુરાવો, સરનામાનો પુરાવો અને બેંકની જરૂરિયાતો પ્રમાણે અન્ય સહાયક દસ્તાવેજો પણ સામેલ છે.

### દાયકામાં ભારતમાં મોબાઈલ ફોનનું ઉત્પાદન વધ્યું


# ડબલ્યુપીએલમાં વિજેતા ટીમને છ કરોડ, રનર્સઅપને 3 કરોડનો પુરસ્કાર

## મહિલા પ્રીમિયર લીગની ઈનામી રકમ પાકિસ્તાન સુપર લીગમાં વિજેતા ટીમને મળનારી રકમથી બમણી


નવી દિલ્હી, તા.૧૮

મહિલા પ્રીમિયર લીગ ૨૦૨૪ પોતાના અંજામ સુધી પહોંચી ગઈ. તેના ફાઈનલમાં રવિવારે નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે દિલ્હી કેપિટલ્સને આઠ વિકેટથી હરાવ્યુ. આ વર્ષે ડબલ્યુપીએલને નવુ ચેમ્પિયન મળ્યુ છે. ગયા વર્ષે મુંબઈ ઈન્ડિયન્સે આ ખિતાબ જીત્યો હતો. શું તમને ખબર છે આ વર્ષે મહિલા પ્રીમિયર લીગનો ખિતાબ જીતનારી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ટીમ અને રનર અપ દિલ્હી કેપિટલ્સની ટીમને કેટલી રકમ મળી છે. આઈપીએલની જેમ મહિલા પ્રીમિયર લીગમાં પણ વિજેતા ટીમ પર રૂપિયાનો વરસાદ થાય છે. તમે તેનો અંદાજો એ વાતથી લગાવી શકો છો કે મહિલા પ્રીમિયર લીગની ઈનામી રકમ પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) માં વિજેતા ટીમને મળનારી રકમથી બમણી છે. મહિલા પ્રીમિયર ૨૦૨૩માં વિજેતા ટીમ મુંબઈ ઈન્ડિયન્સને ટ્રોફી જીતવાના ઈનામ તરીકે છ કરોડ રૂપિયાની રકમ મળી હતી. રનર અપ દિલ્હી ટીમને ૩ કરોડ રૂપિયા મળ્યા હતા. આ રીતે આ વખતે પણ વિજેતા ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને ૬ કરોડ રૂપિયા આપવામાં આવ્યા જ્યારે રનર અપ ટીમ દિલ્હી કેપિટલ્સને ૩ કરોડ રૂપિયા મળ્યા. પીએસએલમાં વિજેતા ટીમને આ વખતે ૧૨૦ મિલિયન પાકિસ્તાની રૂપિયા એટલે કે ભારતીય રૂપિયા અનુસાર ૩.૫ કરોડ રૂપિયા મળશે એટલે કે ડબલ્યુપીએલથી લગભગ અડધા અને રનરઅપ ટીમથી થોડા વધારે. પીએસએલમાં રનરઅપ ટીમને ૧.૪ કરોડ રૂપિયા મળશે. જે મહિલા પ્રીમિયર લીગની રનરઅપ ટીમથી બિલકુલ અડધુ છે. પીએસએલની ફાઈનલ ૧૮ માર્ચે રમવામાં આવશે. આઈપીએલની તુલનામાં ડબલ્યુપીએલમાં મળનારી પ્રાઈઝ મની ખૂબ ઓછી છે. ગયા વર્ષે આઈપીએલ ચેમ્પિયન બનનારી ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમને ૨૦ કરોડ રૂપિયા પ્રાઈઝ મની તરીકે મળ્યા હતા. રનરઅપ ગુજરાત ટાઈટન્સને ૧૨.૫ કરોડ રૂપિયાનો ચેક મળ્યો હતો. જોકે, મહિલા પ્રીમિયર લીગમાં ચેમ્પિયન ટીમને મળનારી રકમની તુલના જો પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) થી કરીએ તો મોટુ અંતર નજર આવે છે. મહિલા પ્રીમિયર લીગમાં જીતનારી ટીમને પીએસએલ ચેમ્પિયનની તુલનામાં લગભગ બમણી રકમ મળે છે. ડબલ્યુપીએલ ૨૦૨૪ ફાઈનલ બાદ વહેંચવામાં આવેલા એવોર્ડ્સની લિસ્ટ

પાવરફુલ સ્ટ્રાઈકર ઓફ ધ મેચ (ટ્રોફી અને એક લાખ રૂપિયા) : શેફાલી વર્મા

સિક્સેસ ઓફ ધ મેચ (ટ્રોફી અને એક લાખ રૂપિયા) : શેફાલી વર્મા

પ્લેયર ઓફ ધ મેચ (ટ્રોફી અને ૨.૫ લાખ રૂપિયા): સોફી મોલીન્યૂક્સ

પાવરફુલ સ્ટ્રાઈકર ઓફ ધ સીઝન (ટ્રોફી અને પાંચ લાખ રૂપિયા): જ્યોર્જિયા વેરહામ

સિક્સેસ ઓફ ધ સીઝન (ટ્રોફી અને પાંચ લાખ રૂપિયા): શેફાલી વર્મા

ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સીઝન (ટ્રોફી અને પાંચ લાખ રૂપિયા): શ્રેયાંકા પાટિલ

ફેરપ્લે એવોર્ડ: રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર

કેચ ઓફ ધ સીઝન એવોર્ડ (ટ્રોફી અને પાંચ લાખ રૂપિયા): સજીવન સજના

સીઝનમાં સર્વાધિક વિકેટ માટે પર્પલ કેપ (કેપ અને પાંચ લાખ રૂપિયા): શ્રેયાંકા પાટિલ

સીઝનમાં સર્વાધિક રન માટે ઓરેન્જ કેપ (કેપ અને પાંચ લાખ રૂપિયા): એલિસ પેરી

મોસ્ટ વેલ્યૂએબલ પ્લેયર ઓફ ધ સીઝન (ટ્રોફી અને પાંચ લાખ રૂપિયા): દીપ્તિ શર્મા

રનરઅપ ટીમ (ટ્રોફી અને ૩ કરોડ રૂપિયા): દિલ્હી કેપિટલ્સ

વિજેતા ટીમ (ટ્રોફી અને ૬ કરોડ રૂપિયા): રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર

### તેલંગણામાં રાજકીય ગતિવિધિ તેજ

# તેલંગણાના રાજ્યપાલ સમિલિસાઈ સુંદરરાજનનું આખરે રાજીનામું

## પુડુચેરીના ઉપરાજ્યપાલનું પદ પણ છોડી દીધું, તમિલિસાઈ સુંદરરાજન ફરી એકવાર લોકસભા ચૂંટણી લડી શકે છે

હૈદરાબાદ, તા.૧૮

તેલંગાણાના રાજ્યપાલ તમિલિસાઈ સુંદરરાજને પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે.

આ સાથે તેમણે પુડુચેરીના ઉપરાજ્યપાલનું પદ પણ છોડી દીધું છે. ત્યારે એવું માનવામાં આવે છે કે તમિલિસાઈ સુંદરરાજન ફરી એકવાર લોકસભા ચૂંટણી લડી શકે છે.તમિલિસાઈ સુંદરરાજનને નવેમ્બર ૨૦૧૯માં તેલંગાણાના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવ્યા હતા. આ પછી તેમને ફેબ્રુઆરી ૨૦૨૧માં પુડુચેરીના ઉપરાજ્યપાલનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો હતો.અહેવાલો અનુસાર, તમિલિસાઈ સુંદરરાજન આ વખતે ભાજપની ટિકિટ પર તમિલનાડુથી લોકસભા ચૂંટણી લડી શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે ભાજપ તેમને ડીએમકે નેતા કનિમોઝી સામે પણ મેદાનમાં ઉતારી શકે છે. સુંદરરાજન ૨૦૧૯ની ચૂંટણી લડ્યા હતા. જો કે તેને હારનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે, ૨૦૦૯ માં, તે ચેન્નાઈ (ઉત્તર) બેઠક પરથી ઉમેદવાર હતી. જોકે, અહીં તેમને ડીએમકેના ટીકેએસ ઈલંગોવન સામે હાર્યા હતા.

### દાયકામાં ભારતમાં મોબાઈલ ફોનનું ઉત્પાદન વધ્યું

# ભારતની યુએસમાં સ્માર્ટફોનની નિકાસ ૩.૫૩ અબજ ડોલર થઈ

## એપ્રિલ-ડિસેમ્બર દરમિયાન સ્માર્ટફોનની નિકાસમાં ભારતનો હિસ્સો વધીને ૭.૭૬ ટકા થયો છે, જે પહેલા બે ટકા હતો

નવી દિલ્હી, તા.૧૮

ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ-ડિસેમ્બર દરમિયાન યુએસમાં ભારતના સ્માર્ટફોનની નિકાસ વધીને ૩.૫૩ અબજ ડૉલરને આંબી ગઈ છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના સમયગાળામાં ૯૯૮ મિલિયન ડોલર હતી. વાણિજ્ય મંત્રાલયના ડેટા અનુસાર, ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ-ડિસેમ્બર દરમિયાન સ્માર્ટફોનની નિકાસમાં ભારતનો હિસ્સો વધીને ૭.૭૬ ટકા થયો છે, જે પહેલા બે ટકા હતો. મળતી માહિતી મુજબ સ્માર્ટફોન મેન્યુફેક્ચરિંગમાં વૃદ્ધિને કારણે નિકાસમાં વધારો થયો છે.આ સાથે ભારત અમેરિકામાં ત્રીજો સૌથી મોટો સ્માર્ટફોન નિકાસકાર દેશ બની ગયો છે. આ યાદીમાં ચીન પ્રથમ સ્થાને છે અને વિયેતનામ બીજા સ્થાને છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં અમેરિકામાં સ્માર્ટફોનની નિકાસમાં ચીન અને વિયેતનામનો હિસ્સો ઘટ્યો છે. ટોચના પાંચ સપ્લાયર્સ પાસેથી યુએસમાં સ્માર્ટફોનની નિકાસ એપ્રિલ-ડિસેમ્બર ૨૦૨૨માં ૪૯.૧ બિલિયન ડોલરથી ઘટીને એપ્રિલ-ડિસેમ્બર ૨૦૨૩માં ૪૫.૧ બિલિયન ડોલર થઈ છે. ચીને સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન યુએસમાં ૩૫.૧ બિલિયન ડોલરના સ્માર્ટફોનની નિકાસ કરી હતી, જે ગયા વર્ષમાં ૩૮.૨૬ બિલિયન ડોલર હતી. તેવી જ રીતે, વિયેતનામની અમેરિકામાં નિકાસ ઘટીને ૫.૪૭ બિલિયન ડોલર થઈ છે. છેલ્લા એક દાયકામાં ભારતમાં મોબાઈલ ફોનનું ઉત્પાદન ઝડપથી વધ્યું છે. વર્ષ ૨૦૧૪માં દેશમાં વેચાતા તમામ મોબાઈલ ફોનમાંથી ૭૮ ટકા મોબાઈલ આયાત કરવામાં આવતા હતા, જ્યારે હવે લગભગ ૯૭ ટકા મોબાઈલ ફોન ભારતમાં બને છે. ઈન્ડિયા સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એસોસિએશન (આઈસીઈએ) અનુસાર, મોબાઈલ ફોનનું ઉત્પાદન ૨૦૧૪-૧૫માં રૂ. ૧૮,૯૦૦ કરોડથી વધીને વર્ષ ૨૦૨૪માં અંદાજિત રૂ. ૪.૧૦ લાખ કરોડ થયું છે, જે ૨૦ ગણાથી વધુ છે. એકંદરે, છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં ૨૪૫ કરોડથી વધુ મોબાઈલ ફોન સેટનું ઉત્પાદન કરવામાં આવ્યું છે.

### ઉત્તર ગુજરાતમાં ઉનાળુ વાવેતર થઇ રહ્યું છે

# ઉત્તર ગુજરાતમાં અંદાજ સામે ફક્ત ૧૨.૬૨ ટકા ઉનાળુ વાવેતર

## પાંચ જિલ્લામાં ઉનાળુ વાવેતરની સ્થિતિ જોઈએ તો સાબરકાંઠા જિલ્લામાં સૌથી વધુ ૪૯.૧૫% વિસ્તારમાં વાવણી થઇ છે

મહેસાણા, તા.૧૮

ઉત્તર ગુજરાતમાં ચાલુ ઉનાળુ સીઝનમાં ૪.૦૫ લાખ હેક્ટરમાં ઉનાળુ વાવેતર થવાના અંદાજ સામે ચાર સપ્તાહના અંતે ૫૧ હજાર હેક્ટરમાં વાવેતર થયું છે. બીજી બાજુ ૧૩૭૨ હેક્ટરમાં બાગાયતી ફળ પાકોનું વાવેતર થયું છે. જેમાં ૮૩૯ હેક્ટરમાં તરબૂચ અને ૫૩૩ હેક્ટરમાં અન્ય ફળ પાકોનું વાવેતર થઈ ચૂક્યું છે. ચાર સપ્તાહના અંતે ઉત્તર ગુજરાતમાં અંદાજ સામે ૧૨.૬૨% વિસ્તારમાં વાવેતર થઈ ચૂક્યું છે. પાંચ જિલ્લામાં ઉનાળુ વાવેતરની સ્થિતિ જોઈએ તો સાબરકાંઠા જિલ્લામાં સૌથી વધુ ૪૯.૧૫% વિસ્તારમાં વાવણી થઈ છે. જ્યારે સૌથી ઓછુ ૬.૮૯% વાવેતર બનાસકાંઠા જિલ્લામાં થયું છે. મહેસાણા જિલ્લામાં શિયાળુ સીઝનના વાવેતરની સીઝન પૂર્ણ થઈ છે. ચાલુ વર્ષે ૧.૮૦ લાખ હેક્ટરમાં વાવેતરના અંદાજ સામે ૧.૮૫ લાખ હેક્ટરમાં શિયાળુ વાવેતર થયું હતું. એટલેકે, અનુમાન કરતાં ૨.૫૫% વધુ વાવેતર થયું હતું. અને અત્યારે ઉનાળું વાવેતરની શરૂઆત થઈ ગઈ છે. ઉનાળુ સીઝનમાં ૪.૦૫ લાખ હેક્ટરમાં ઉનાળુ વાવેતર થવાના અંદાજ સામે ચાર સપ્તાહના અંતે ૫૧ હજાર હેક્ટરમાં વાવેતર થયું છે. મહેસાણા જિલ્લામાં ૨૨.૧૨% વિસ્તારમાં વાવેતર થઈ ગયું છે. પાટણ જિલ્લામાં ૩૧.૮૮%, મહેસાણા જિલ્લામાં ૨૨.૧૨ % અને અરવલ્લી જિલ્લામાં ૧૩.૭૧% વિસ્તારમાં વાવેતર થઈ ચૂક્યું છે. ૫૧૧૪૭ હેક્ટરમાં થયેલા વાવેતરમાં પાક પ્રમાણે વાવેતરની સ્થિતિ જોઈએ તો, સૌથી વધુ ૨૧૮૭૫ હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર કરાયું છે. આ ઉપરાંત, ૧૭૩૫૭ હેક્ટરમાં બાજરી, ૪૬૦૫ હેક્ટરમાં મગફળી, ૪૬૦૫ હેક્ટરમાં શાકભાજી, ૫૮૬ હેક્ટરમાં મકાઈ, ૨૬૫ હેક્ટરમાં મગ, ૨૨૫ હેક્ટરમાં તલ, ૧૨૫ હેક્ટરમાં ડાંગર, ૬૮ હેક્ટરમાં ગુવારગમ, ૧૨ હેક્ટરમાં અડદ, ૩ હેક્ટરમાં ડુંગળી, ૧૪૨૧ હેક્ટરમાં અન્ય પાકોનું ખેડૂતો દ્વારા વાવેતર કરવામાં આવ્યું છે.

### પણ કરંટ કેમ લાગતો નથી?

# વિજ્ઞાન શું કહે છે, પક્ષી ખુલ્લા વીજ વાયર પર બેસે છે

## પ્રથમ- ઇલેક્ટ્રોન હંમેશા આગળ વધે છે. તેમના પ્રવાહ માટે સર્કિટ પૂર્ણ કરવી જરૂરી છે, જો સર્કિટ પૂર્ણ ન હોય તો કરન્ટ લાગતો નથી

નવી દિલ્હી, તા.૧૮

તમે ઘણીવાર પક્ષીઓને ઈલેક્ટ્રીક વાયર પર બેઠેલા જોયા હશે! શું તમે ક્યારેય વિચાર્યું છે કે ઈલેક્ટ્રીક વાયર પર બેસવા છતાં પક્ષીઓને ઈલેક્ટ્રીક શોક કે કરન્ટ કેમ નથી લાગતું? તે કેવી રીતે ઈલેક્ટ્રીક વાયર પર ઉછળકૂદ કરતાં હોય છે? આવો તમને જણાવીએ કે તેની પાછળનું વિજ્ઞાન શું છે. સૌ પ્રથમ આપણે વિદ્યુત પ્રવાહના નિયમને સમજીએ. વિદ્યુત પ્રવાહ એ ઈલેક્ટ્રોનની એક પ્રકારની હિલચાલ છે. ઈલેક્ટ્રોન વાયર સાથે આગળ વધે છે અને વીજળીના રૂપમાં આપણા ઘર સુધી પહોંચે છે અને સર્કિટ દ્વારા જમીનમાં જાય છે. આ રીતે એક સર્કિટ પૂર્ણ થાય છે. વીજળી બે સિદ્ધાંતો પર કામ કરે છે. પ્રથમ- ઈલેક્ટ્રોન હંમેશા આગળ વધે છે. તેમના પ્રવાહ માટે સર્કિટ પૂર્ણ કરવી જરૂરી છે. જો સર્કિટ પૂર્ણ ન હોય તો કરન્ટ લાગતો નથી. બીજું- ઈલેક્ટ્રોન્સ હંમેશા ઓછા અવરોધ અથવા પ્રતિકાર સાથે રસ્તો પસંદ કરે છે. જો માર્ગમાં કોઈ અવરોધ આવે તો ઈલેક્ટ્રોન ધાતુ દ્વારા આગળ વધે છે. ધાતુ વીજળીનું ખૂબ જ સારું વાહક છે. ધાતુ દ્વારા વીજળી સરળતાથી એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે. તો શા માટે પક્ષીઓને વીજળીનો કરંટ લાગતો નથી? તેનું કારણ એ છે કે જ્યારે પક્ષી ખુલ્લા વાયર પર બેઠું હોય ત્યારે તે તાર સિવાય અન્ય કોઈ વસ્તુના સંપર્કમાં આવતું નથી. જેના કારણે ઈલેક્ટ્રોન તેમની પરિક્રમા પૂર્ણ કરી શકતા નથી અને તેઓ અવરોધ વગરના માર્ગે આગળ વધે છે. પરંતુ જો પક્ષી ઈલેક્ટ્રિક વાયર પર બેઠું હોય અને તેનું શરીર કોઈપણ વાયર અથવા જમીનને સ્પર્શે તો તેને જોરદાર ઈલેક્ટ્રિક આંચકો લાગશે. સરળ ભાષામાં જ્યાં સુધી સર્કિટ પૂર્ણ ન થાય અને વીજળીને અર્થિંગ ન મળી જાય ત્યાં સુધી વિદ્યુત કરન્ટ લાગતો નથી. જો વીજળીને અર્થિંગ મળી જાય તો કરન્ટ લાગવું નક્કી છે. પછી તે પક્ષીઓ હોય કે માણસો કે અન્ય કોઈ.

### મહુવા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની આવક વધારે થાય છે

# એક સપ્તાહથી ડુંગળીના ભાવ સ્થિર, આવકમાં પણ થયો ઘટાડો

## ભાવનગર જિલ્લો ડુંગળીના વાવેતરમાં ગુજરાતમાં સૌથી મોખરે છે, આ વર્ષે પણ ભાવનગર જિલ્લામાં ડુંગળીનું સૌથી વધારે વાવેતર કરવામાં આવ્યું છે

ભાવનગર, તા.૧૮

ભાવનગરમાં આવેલું મહુવા માર્કેટ યાર્ડ જણસીઓના વેચાણ માટે સૌથી વિશ્વસનીય સ્થળ બન્યું છે. મહુવા માર્કેટ માર્કેટ યાર્ડ ખાતે એરંડા, જુવાર, બાજરી, શીંગ, ઘઉં, મકાઈ, અડદ, મગ, ધાણા, સોયાબીન, ચણા, સફેદ અને કાળા તલ, નારીયેળ, તુવેર, લાલ અને સફેદ ડુંગળીની હરાજી કરવામાં આવે છે. ભાવનગર જિલ્લામાં ડુંગળીનું વાવેતર વધુ થાય છે. જેના કારણે મહુવા માર્ડમાં ડુંગળીની પુષ્કળ આવક થઈ રહી છે. મહુવા યાર્ડમાં છેલ્લા છ દિવસમાં ૧૧.૫૧ લાખ કટ્ટા ડુંગળીની આવક થઈ હતી. જોકે ગત સપ્તાહની સરખામણીએ આવકમાં ઘટાડો થયો છે. ભાવનગર જિલ્લો ડુંગળીના વાવેતરમાં ગુજરાતમાં સૌથી મોખરે છે. આ વર્ષે પણ ભાવનગર જિલ્લામાં ડુંગળીનું સૌથી વધારે વાવેતર કરવામાં આવ્યું છે. ખાસ કરીને મહુવામાં ડુંગળીના ડીહાઈડ્રેશનના કારખાનો હોવાથી મહુવા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની મોટા પ્રમાણમાં આવક થઈ રહી છે. ભાવનગર મહુવા માર્કેટિંગ ૧૧-૦૩-૨૦૨૪થી ૧૬-૦૩-૨૦૨૪ સુધીમાં લાલ અને સફેદ ડુંગળી ૧૧,૫૧,૬૩૫ કટ્ટાની આવક થઈ છે. ડુંગળીનું વાવેતર સૌરાષ્ટ્રમાં ભાવનગર જિલ્લામાં સૌથી વધારે ખેડૂતો દ્વારા કરવામાં આવે છે. અહીંની ડુંગળીની માંગ દિલ્હી, પંજાબ અને અન્ય રાજ્યમાં મોટા પાયે છે. ભાવનગર જિલ્લામાં સરેરાશ ૩૧,૦૦૦ હેક્ટર કરતા પણ વધારે જમીનમાં ડુંગળીનું વાવેતર દર વર્ષે કરવામાં આવે છે. મહુવા માર્કેટિંગ યાર્ડમાં છેલ્લા ૬ દિવસમાં સરેરાશ ભાવ સફેદ ડુંગળીના ભાવ ૨૦૦ રૂપિયાથી લઈને ૨૭૫ રૂપિયા સુધીના ભાવ બોલાય રહ્યા છે. માર્કેટિંગ યાર્ડમાં લાલ ડુંગળીના છેલ્લા ૬ દિવસના સરેરાશ ભાવ ૧૨૧ રૂપિયાથી લઈને ૩૪૭ રૂપિયા સુધી ભાવ બોલાય રહ્યા હતા .ચોમાસાની શરૂઆતમાં સફેદ ડુંગળીના પ્રતિ એક મણના ભાવ ૮૦૦ થી ૯૦૦ રૂપિયા સુધી પહોંચ્યા હતા. જ્યારે લાલ ડુંગળીના ભાવ ૭૦૦ થી ૮૦૦ રૂપિયા સુધીના રહ્યા હતા.

### અમરેલી જિલ્લામાં છેલ્લા નવ દિવસમાં સાત ગામમાં સિંહ દેખાયા છે

# ગામની મધ્યે કર્યું પાંચ સિંહે ગાયનું મારણ, પછી મચી ધમાચકડી

## અમરેલી જીલ્લામાં ધારી તાલુકાના ખીચા ગામમાં ૫ સિંહ આવ્યા હતા, સિંહે ગાયનું મારણ કર્યું હતું

અમરેલી, તા.૧૮

અમરેલી, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાનાં ગામડામાં સુધી સિંહ પહોંચી ગયા છે. તેમજ આ વિસ્તારમાં આવતા સિંહનો વીડિયો વારંવાર સામે અવો છે. ત્યારે વધુ એક સિંહનો વીડિયો સામે આવ્યો. અમરેલી જિલ્લાના ધારી તાલુકા ખીચા ગામમાં એક સાથે પાંચ સિંહ પહોંચી ગયા હતાં અને ગામની શેરીમાં શિકાર કર્યો હતો. તેમજ એક બીજા સિંહે મારણની ખેંચતાણ કરી હતી અને મારણ ઉપર પોતાનો અધિકાર જમાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો છે. અમરેલી જિલ્લામાં છેલ્લા ૯ દિવસમાં ૭ ગ્રામીણ વિસ્તારની અંદર સિંહના લટાર મારતા અને શિકાર કરતાં વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે.અમરેલી જિલ્લામાં અવારનવાર સિંહના લટાર મારતા વીડિયો વાયરલ થયા છે. આજે વધુ એક વીડિયો સોશિયલ મીડિયામાં સિંહનો લટાર મારતો વાયરલ થયો છે. અમરેલી જીલ્લામાં ધારી તાલુકાના ખીચા ગામમાં ૫ સિંહ આવ્યા હતા. સિંહે ગાયનું મારણ કર્યું હતું. સિંહનો વીડિયો સ્થાનિક વ્યક્તિએ પોતાના કેમેરામાં કેદ કર્યો હતો અને હાલ આ વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થયો છે.ગ્રામીણ વિસ્તારોમાં અવારનવાર આંટા ફેરા કરતા સિંહ આજે મરણ કર્યું હતું. સ્થાનિક લોકોમાં ભય જોવા મળ્યો હતો. સિંહ એ ભારતની શાન છે. અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ જિલ્લામાં અનેક વિસ્તારોમાં સિંહના વીડિયો સામે આવે છે. સિંહના શિકારનાં વીડિયો સામે આવે છે. અનેક વખત ગામડામાં આવી ચઢેલા સિંહનો વીડિયો સામે આવે છે. ત્યારે વધુ એક વીડિયો સામે આવ્યો છે. વન વિભાગ દ્વારા અવારનવાર લોકોને અપીલ કરવામાં આવે છે કે, વન વિસ્તારમાં જતા પ્રવાસીઓ જંગલમાં કચરોના ફેકવો તેમજ વન્ય પ્રાણી પશુ કે પક્ષીને કોઈ પણ પ્રકારનો ખોરાક ન આપવો જોઈએ. તેમજ વન વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ ન કરવા અપીલ કરવામાં આવે છે. વન પ્રાણીઓને રંજાડવા જોઈએ નહી.

### ચિરાગની પાર્ટી ૫ બેઠકો પર લડશે ચૂંટણી

# બિહારમાં ભાજપ ૧૭, JDU ૧૬ બેઠકો ઉપર લડશે ચૂંટણી

## બિહાર એનડીએમાં ચૂંટણી માટે બેઠકોની વહેંચણી થઇ

પટણા, તા.૧૮

બિહારમાં લોકસભાની ચૂંટણી માટે એનડીએમાં બેઠકોનું વિભાજન કરવામાં આવ્યું છે. ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) પાંચ બેઠકો પર ચૂંટણી લડશે. ભાજપના બિહારના પ્રભારી વિનોદ તાવડેએ એનડીએના નેતાઓ સાથે પત્રકાર પરિષદમાં એનડીએ ગઠબંધનની તમામ બેઠકોની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે ફોર્મ્યુલા પર ચર્ચા થઈ હતી અને એનડીએ ગઠબંધનમાં તમામ પક્ષોએ તેનો સ્વીકાર કર્યો છે.ફોર્મ્યુલા મુજબ ભાજપ ૧૭ બેઠકો પર જ્યારે જેડીયુ ૧૬ બેઠકો પર ચૂંટણી લડશે. તે જ સમયે, ચિરાગ પાસવાનની પાર્ટીને ૫ બેઠકો, માંઝીની પાર્ટી હિન્દુસ્તાની અવામ મોર્ચા (એચએએમ) ને ૧ બેઠક અને ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટીને ૧ બેઠક આપવામાં આવી છે. ચિરાગ પાસવાનની પાર્ટીના નેતા રાજુ તિવારીએ કહ્યું, "ભાજપના ટોચના નેતૃત્વ સાથે વાતચીત બાદ અમને પાંચ બેઠકો મળી છે. હું ખાતરી આપવા માંગુ છું કે અમે માત્ર પાંચેય બેઠકો જ નહીં, પરંતુ બિહારની તમામ ૪૦ બેઠકો જીતીશું. આ દરમિયાન જેડીયુ નેતા સંજય ઝાએ કહ્યું કે આ વખતે બિહારમાં એકતરફી ચૂંટણી છે અને એનડીએ તમામ ૪૦ સીટો પર જીત મેળવશે. રાજ્યના ઉપમુખ્યમંત્રી અને ભાજપના નેતા સમ્રાટ ચૌધરીએ કહ્યું કે બિહારમાં ૪૦ બેઠકો જીતવાનું લક્ષ્ય છે. ગત વખતના ૩ ઘટક ઉપરાંત જીતનરામ માંઝી અને કુશવાહાની આરએલએમ પણ એનડીએમાં છે.

### એકે રાકેશ ૧૯૮૯ બેંચના આઈએએસ અધિકારી છે

# ગૃહ વિભાગનો ચાર્જ એકે રાકેશને સોંપવામાં આવ્યો

## લોકસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચે કડક કાર્યવાહી કરીને ૬ રાજ્યોના ગૃહ સચિવોને હટાવવા આદેશ આપ્યા હતા

ગાંધીનગર, તા.૧૮

લોકસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચે કડક કાર્યવાહી કરીને ૬ રાજ્યોના ગૃહ સચિવોને હટાવવાના આદેશ આપ્યા હતો. ૬ રાજ્યોના ગૃહ સચિવોને ચૂંટણી પંચે હટાવી દીધા હતા. તેમાં ગુજરાત, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડનો સમાવેશ થાય છે. આ સાથે પશ્ચિમ બંગાળના ડીજીપીને પણ હટાવવાની સૂચના આપવામાં આવી હતી. ગુજરાતના ગૃહ સચિવ પંકજ જોશીને પણ હટાવવામાં આવ્યા હતા. હવે તેમની જગ્યાએ ગૃહ વિભાગનો ચાર્જ એકે રાકેશને સોંપવામાં આવ્યો છે. પંકજ જોશી વર્ષ ૧૯૮૯ બેચના આઈએએસ છે. નિર્વિવાદીત છબિ ધરાવતાં પંકજ જોષી તાજેતરમાં જ અધિક ગૃહ સચિવ તરીકે નિયુક્ત થયા હતા. પંકજ જોષી હાલ મુખ્યમંત્રી કાર્યાલયમાં એસીએસ તરીકેનો કાયમી હવાલો સંભાળ હતા. પંકજ જોશી અગાઉ નાણાં વિભાગ, એનર્જી અને પેટ્રોકેમિકલ વિભાગના પણ એસીએસ રહી ચૂક્યા છે. એકે રાકેશ ૧૯૮૯ બેંચના આઈએએસ અધિકારી છે. જેઓ હાલમાં કૃષિ વિભાગમાં સચિવ તરીકે ફરજ બજાવે છે. તેમને વધારોનો ગૃહ વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો છે. ચૂંટણી પંચનું કહેવું છે કે ચૂંટણીમાં લેવલ પ્લેઈંગ ફિલ્ડ સુનિશ્ચિત કરવા માટે આ કાર્યવાહી કરવામાં આવી છે. ચૂંટણી પંચની આ કાર્યવાહી એક મજબૂત સંદેશ આપે છે કે લોકસભા ચૂંટણી ૨૦૨૪ સમાન સ્તરે યોજવામાં આવશે.

તમને જણાવી દઈએ કે ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના ડીજીપીને રાજ્યની ૨૦૧૬ની વિધાનસભા ચૂંટણી અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમિયાન સક્રિય ચૂંટણી ફરજ પરથી હટાવી દીધા હતા. આ સાથે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કમિશનર ઈકબાલ સિંહ ચહલ તેમજ એડિશનલ કમિશનર અને ડેપ્યુટી કમિશનરને પણ હટાવી દેવામાં આવ્યા છે. આ સાથે મિઝોરમ અને હિમાચલ પ્રદેશના ૫૭૬ સેક્રેટરીને પણ હટાવી દેવામાં આવ્યા છે.

### મહેસાણા જિલ્લામા એસીબીએ સપાટો બોલાવ્યો

# મહેસાણામાં વધુ એક ટ્રેપમાં જેલ સહાયક ૫૦૦ રુપિયા લાંચ લેતા ઝડપાયો

## જેલમાં કેદીઓની મુલાકાત લાંચ લઈને કરાવવામાં આવતી હોવાને લઈ ડિકોય ટ્રેપ ગોઠવવામાં આવી હતી

મહેસાણા, તા.૧૮

મહેસાણા જિલ્લામા એસીબીએ સપાટો બોલાવ્યો છે. પહેલા વિસનગર શહેર પોલીસ સ્ટેશનની સેકન્ડ મોબાઈલ વાનનો સ્ટાફ ૨૦૦ રુપિયાની લાંચ લેતા ઝડપાયો હતો. હવે જેલ સહાયકને આણંદ એસીબીએ મહેસાણામાં ડિકોય ટ્રેપ ગોઠવીને ઝડપી લીધો છે. જેલમાં કેદીઓની મુલાકાત લાંચ લઈને કરાવવામાં આવતી હોવાને લઈ ડિકોય ટ્રેપ ગોઠવવામાં આવી હતી.એસીબીએ મહેસાણા જિલ્લામાં સપાટો બોલાવી દીધો છે. પહેલા વિસનગર પોલીસ સ્ટેશનની સેકન્ડ મોબાઈલ વાનના સ્ટાફને ૨૦૦ રુપિયાની લાંચની ડિકોય ટ્રેપમાં ઝડપી લીધો છે. હવે મહેસાણા જિલ્લા જેલમાં એસીબીએ ડિકોય ટ્રેપ ગોઠવતા જેલ સહાયક ઝડપાયો છે. આણંદ એસીબીની ટીમ દ્વારા ડિકોય ટ્રેપનું આયોજન કરવામાં આવ્યુ હતુ અને જેમાં લાંચ લેતા જેલ સહાયક ઝડપાયો હતો. મહેસાણા જિલ્લામાં લાંચ લઈને કેદીઓ સાથે તેમના મુલાકાતીઓની મુલાકાત ગોઠવી આપવામાં આવતી હોવાની ફરિયાદને પગલે એસીબીએ ડિકોય ટ્રેપ ગોઠવી હતી. જેને લઈ એસીબીએ છટકુ ગોઠવવાનું આયોજન કર્યુ હતુ. જ્યાં જેલ સહાયક ચિંતન પૃથ્વીરાજ ચૌધરી લાંચ લેતા ઝડપાઈ આવ્યો હતો.એસીબીને માહિતી મળી હતી કે, મહેસાણા જિલ્લા જેલમાં કેદીઓની મુલાકાત તેમના મુલાકાતીઓને લાંચની રકમ લઈને કરાવવામાં આવે છે. કેદીઓના પરિવારજનો, મિત્રો કે સગા-સંબંધીઓ અને અન્ય મુલાકાતીઓને જેલ કર્મચારીઓ દ્વારા પૈસા લઈને મુલાકાત ગોઠવી આપતા હોવાની વિગતોની ફરિયાદ ઉઠી હતી. મુલાકાત કરાવવા માટે ૫૦૦ રુપિયાથી લઈને ૨૦૦૦ રુપિયા સુધીની રકમ લાંચ સ્વરુપે લેવામાં આવતી હોવાની એસીબીના અધિકારીઓને બાતમી મળી હતી. જેને લઈ એક ડિકોયર તૈયાર કરીને આ માટેની ટ્રેપ આણંદ એસીબીની ટીમ દ્વારા ગોઠવવામાં આવી હતી. એસીબીએ ડિકોયર મહિલાના પતિના મિત્ર મહેસાણા જિલ્લા જેલમાં બંધ હોવાને લઈ તેમની મુલાકાત કરવા માટેની ટ્રેપ ગોઠવી હતી. ડિકોય ટ્રેપ ગોઠવી પંચો સાથે એસીબીની ટીમ જિલ્લા જેલ ખાતે પહોંચતા જ્યાં જેલ સહાયક ચિંતન પૃથ્વીરાજ ચૌધરી ૫૦૦ રુપિયાની લાંચ લેતા ઝડપાઈ આવ્યો હતો.આ પહેલા ગાંધીનગર એસીબીએ વિસનગરમાં ડિકોય ટ્રેપનું આયોજન કરતા ત્રણ પોલીસ કર્મચારીઓ અને એક જીઆરડી જવાન સામે કાર્યવાહી કરવામાં આવી છે. એસીબીની ટીમે ડિકોય ટ્રેપમાં ૨૦૦ રુપિયાની લાંચ લેતા સ્થળ પરથી બે પોલીસ કર્મી અને એક જીઆરડી જવાનને ઝડપી લીધો હતો.જ્યારે એક પોલીસ કર્મી ટ્રેપ થયાનું જાણતા જ સ્થળ પરથી દોટ મુકીને ભાગી છૂટ્યો હતો.આમ એસીબીએ એક બાદ એક બે ડિકોય ટ્રેપના આયોજન કર્યા હતા. બંને ટ્રેપમાં એસીબીએ કાર્યક્ષેત્ર બહારની ટીમો મોકલીને છટકું ગોઠવી સફળતા મેળવી છે. જેલમાં ટ્રેપ માટે મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર અને તેમની ટીમ આણંદથી મહેસાણા પહોંચ્યા હતા અને જ્યાં ટ્રેપમાં જેલ સહાયકને ઝડપી લેવામાં આવ્યો હતો.

### એર ઇન્ડિયાના કર્મચારીઓને ઝટકો

# એર ઈન્ડિયાએ ૧૮૦થી વધુ કર્મીઓને નોકરીમાંથી કાઢી મુક્યા

## આ છંટણી પ્રક્રિયામાં સામેલ તમામ કર્મચારીઓ કંપનીની વોલેન્ટરી રિટાયરમેન્ટ સ્કીમનોનો લાભ લઈ શક્યા ન હતા અને તેઓ રિ-સ્કિલિંગની તકનો પણ લાભ લઈ શક્યા હતા

નવી દિલ્હી, તા.૧૮

ટાટા જૂથની એરલાઈન એર ઈન્ડિયાએ તેના કર્મચારીઓને આંચકો આપ્યો છે. એરલાઈને છેલ્લા કેટલાક સપ્તાહમાં ૧૮૦થી વધુ નોન-ફ્લાઈંગ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા છે. માહિતી અનુસાર, આ છંટણી પ્રક્રિયામાં સામેલ તમામ કર્મચારીઓ કંપનીની વોલેન્ટરી રિટાયરમેન્ટ સ્કીમનોનો લાભ લઈ શક્યા ન હતા અને તેઓ રિ-સ્કિલિંગની તકનો પણ લાભ લઈ શક્યા હતા. સમાચાર અનુસાર, એર ઈન્ડિયાના પ્રવક્તાએ કહ્યું છે કે નોન ફ્લાઈંગ ફંક્શનમાં કામ કરતા કર્મચારીઓને સંસ્થાની જરૂરિયાતો અને તેમની વ્યક્તિગત યોગ્યતાના આધારે એરલાઈનમાં એડજસ્ટ કરવામાં આવી રહ્યા છે. છેલ્લા ૧૮ મહિનામાં તમામ કર્મચારીઓની યોગ્યતાનું મૂલ્યાંકન કરવા માટે એક વ્યાપક પ્રક્રિયાને અનુસરવામાં આવી છે. આ તબક્કા દરમિયાન કર્મચારીઓને અનેક સ્વૈચ્છિક નિવૃત્તિ યોજનાઓ અને રી-સ્કિલિંગની તકો પણ પૂરી પાડવામાં આવી છે. એર ઈન્ડિયાના પ્રવક્તાએ એમ પણ જણાવ્યું હતું કે એક ટકા કર્મચારીઓ કે જેઓ VRS અથવા રી-સ્કિલિંગની તકોનો ઉપયોગ કરવા માટે લાયક જણાયા ન હતા તેમને અલગ કરવા પડ્યા હતા. જોકે પ્રવક્તાએ કેટલા કર્મચારીઓની છંટણી કરવામાં આવી હતી તે જણાવ્યું ન હતું, અહેવાલ આપ્યો હતો કે ૧૮૦ કરતાં વધુ કર્મચારીઓ હતા. કંપનીએ જણાવ્યું હતું કે તે તમામ કરાર આધારિત જવાબદારીઓનું સન્માન કરી રહી છે અને જાન્યુઆરી ૨૦૨૨માં ટાટા ગ્રુપ દ્વારા એર ઈન્ડિયાના હસ્તાંતરણ બાદ VRSના બે રાઉન્ડની ઓફર કરી હતી. જાન્યુઆરી ૨૦૨૨માં ટાટાએ એર ઈન્ડિયાને ટેકઓવર કર્યું ત્યારથી એરલાઈનના બિઝનેસ મોડલને ટેકઓવર કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ સંગઠનાત્મક માળખાના પુનઃનિર્માણ માટે પણ થઈ રહ્યો છે. એરલાઈનના વિહાન AIના રૂપમાં એક મલ્ટીઈયર ચેન્જ પ્રક્રિયા અપનાવવામાં આવી રહી છે. એર ઈન્ડિયાનો બજાર હિસ્સો ફેબ્રુઆરીમાં ૧૨.૨ ટકાથી વધીને ૧૨.૮ ટકા થયો હતો, જ્યારે ઈન્ડિગોનો બજાર હિસ્સો જાન્યુઆરીમાં ૬૦.૨ ટકાથી નજીવો ઘટીને ૬૦.૧ ટકા થયો હતો. ડોમેસ્ટિક ટ્રાવેલમાં ઈન્ડિગો સૌથી વધુ માર્કેટ શેર ધરાવે છે.

### ચાર બોગી પાટા પરથી ઉતરી

# અજમેરમાં મોટો અકસ્માત, સાબરમતી- આગ્રા સુપરફાસ્ટની માલગાડી સાથે અથડામણ

## માલસામાન ટ્રેન સાથે અથડાવાને કારણે એન્જિન સહિત જનરલ કોચના ચાર ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા

નવી દિલ્હી, તા.૧૮

રાજસ્થાનના અજમેરમાં સોમવારે (૧૮ માર્ચ) વહેલી સવારે સાબરમતી-આગ્રા સુપરફાસ્ટના ચાર ડબ્બા પાટા પરથી ઉતરી ગયા. આ અકસ્માતમાં અનેક મુસાફરોને ઈજાઓ પહોંચી છે. આ અકસ્માત અજમેરના મદાર રેલવે સ્ટેશન પર બપોરે ૧.૦૪ વાગ્યે થયો હતો, જ્યારે સાબરમતી-આગ્રા કેન્ટ સુપરફાસ્ટ એક્સપ્રેસ ગુડ્સ ટ્રેન સાથે અથડાઈ હતી. રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, લોકો પાયલટે ટ્રેનને રોકવા માટે ઈમરજન્સી બ્રેક પણ લગાવી હતી, પરંતુ તે ટક્કર રોકી શક્યો નહોતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર માલસામાન ટ્રેન સાથે અથડાવાને કારણે એન્જિન સહિત જનરલ કોચના ચાર ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. દુર્ઘટનાની માહિતી મળતા જ રાહત ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઘાયલોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. આ ઘટનામાં કોઈના મોતના સમાચાર નથી. કેટલાક મુસાફરોએ કહ્યું છે કે તેમને ઈજાઓ થઈ છે. ઘાયલોને સારવાર માટે અજમેર સ્ટેશન લઈ જવામાં આવ્યા છે. મુસાફરોએ જણાવ્યું કે તેઓ સૂઈ રહ્યા હતા ત્યારે અચાનક તેમને જોરદાર અવાજ સંભળાયો. આ પછી બોગી પાટા પરથી ઉતરી ગઈ હતી. રેલ્વે પ્રોટેક્શન ફોર્સ, ગવર્નમેન્ટ રેલ્વે પોલીસ અને એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર અને વરિષ્ઠ અધિકારીઓ સહિત બચાવ ટીમો ઘટનાસ્થળે છે. પાટા પરથી ઉતરેલા કોચ અને એન્જિનને પાટા પર લાવવાના પ્રયાસો ચાલુ છે. ઘટના બાદનો વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં જોઈ શકાય છે કે પાટા પરથી ઉતરેલી બોગીની તપાસ કરવામાં આવી રહી છે. અથડામણને કારણે રેલવેના કેટલાક થાંભલા પણ ટ્રેનની ઉપર પડી ગયા છે, જેને ગેસ કટરની મદદથી કાપવામાં આવી રહ્યા છે. તે જ સમયે, ઉત્તર પશ્ચિમ રેલવેએ કહ્યું છે કે મુસાફરોની મદદ માટે હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવ્યા છે. તેના તરફથી કહેવામાં આવ્યું છે કે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. ઉત્તર પશ્ચિમ રેલવેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ટ્વિટ કર્યું કે ચાર જનરલ કોચ પાટા પરથી ઉતરી ગયા છે. રેલવેએ વધુમાં કહ્યું કે, 'આમાં કોઈ જાનહાનિ થઈ નથી. તાત્કાલિક પગલાં લેતા રેલ્વે અધિકારીઓ દુર્ઘટના સ્થળે પહોંચી ગયા છે અને અકસ્માત રાહત ટ્રેન માદર પહોંચી ગઈ છે અને ટ્રેક પુનઃસ્થાપિત કરવાનું કામ ચાલી રહ્યું છે. આ વાહનનો પાછળનો ભાગ અજમેર લઈ જવામાં આવી રહ્યો છે. અજમેર સ્ટેશન પર રેલવે દ્વારા હેલ્પ ડેસ્કની સ્થાપના કરવામાં આવી છે અને હેલ્પલાઈન નંબર ૦૧૪૫-૨૪૨૯૬૪૨ જારી કરવામાં આવ્યો છે.

### ઘરમાં જ રહેવા-ખાવાપીવાની સગવડ!

# દેશનું એક એવું ગામ, જ્યાં સાપને ગણાય છે ફેમિલી મેમ્બર

## આ ગામના દરેક ઘરમાં બેડરૂમ, રસોડું કે આંગણા જેવી જરૂરી વસ્તુઓની સાથે સાપના રહેઠાણ માટે બિલ પણ બનાવવામાં આવે છે

નવી દિલ્હી, તા.૧૮

ભારત એક અનોખો દેશ છે જ્યાં વિવિધ જંગલી પ્રાણીઓની સાથે સાપની વિવિધ પ્રજાતિઓ પણ છે. સાપ એક એવો જીવ છે જેની આપણા ધર્મમાં પૂજા પણ થાય છે. જેમ ભગવાન વિષ્ણુ શેષનાગ પર વિશ્રામ કરે છે તેમ શિવશંકરે નાગને પોતાના ગળામાં ધારણ કર્યો છે. પરંતુ શું તમે જાણો છો કે એક એવું ગામ છે જ્યાં સાપથી બચવા માટે નહીં પરંતુ તેમને પોતાના ઘરે બોલાવવા માટે તૈયારીઓ કરવામાં આવે છે. તેને જીવંત પ્રાણી તરીકે નહીં પરંતુ તેમના પરિવારના સભ્યો તરીકે ગણવામાં આવે છે. હા, આ ગામના દરેક ઘરમાં બેડરૂમ, રસોડું કે આંગણા જેવી જરૂરી વસ્તુઓની સાથે સાપના રહેઠાણ માટે બિલ પણ બનાવવામાં આવે છે. આ ગામ દુનિયાના અન્ય કોઈ ખૂણે નહીં પરંતુ ભારતમાં જ છે. આ ગામ મહારાષ્ટ્રનું શેતફળ છે. મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાનું શેતફળ ગામ પુણેથી ૨૦૦ કિલોમીટર દૂર છે. આ એક સુંદર ગામ છે, પરંતુ તેની સૌથી મોટી ખાસિયત તેમાં બનેલા ઘરો છે. આ ગામ સાપ અને મનુષ્યના સહઅસ્તિત્વની અનોખી અને ખૂબ જ સુંદર વાર્તા કહે છે. નાગપંચમીના દિવસે દેશભરમાં સાપની પૂજા કરવામાં આવે છે. પરંતુ શેતફળના લોકો આ સાપ સાથે વર્ષના એક દિવસ માટે નહીં પરંતુ આખું વર્ષ રહે છે. રસપ્રદ વાત એ છે કે આ ગામ સાપને પોતાના પરિવારનો સભ્ય માને છે. તેથી આ સાપ ફક્ત ઘરોમાં બનેલા છિદ્રોમાં જ રહેતા નથી, પરંતુ તમે તેમને ઘરના કોઈપણ ભાગમાં ફરતા પણ જોશો. સાપ માટે બનાવેલ આ જગ્યાને 'દેવસ્થાનમ' કહેવામાં આવે છે. જો સાપને પરિવારનો સભ્ય માનવામાં આવે છે, તો કાળજી લેવી પડશે અને આ વિચારને ધ્યાનમાં રાખીને દરેક ઘરમાં આ સાપોને ખોરાક આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. માત્ર ઘરોમાં જ નહીં આ સાપ આ ગામના કોઈપણ વિસ્તારમાં સરળતાથી ફરતા જોવા મળે છે. આપણાં ઘરોમાં જો આપણે વંદો પણ જોતા હોઈએ તો આપણે બાળકોને પલંગ પર ચઢવાનું કહીએ છીએ, પરંતુ શેતફળની ગલીઓમાં તમે બાળકોને આ સાપ સાથે રમતા જોશો. માત્ર ઘરે જ નહીં પરંતુ આ ગામમાં તમે બાળકોને શાળામાં સાપ સાથે ભણતા પણ જોઈ શકો છો. જો તમારે શેતફળ જવું હોય, તો મોડનિમ્બ અને અષ્ટી રેલ્વે સ્ટેશન શેતફળ ગામની સૌથી નજીક છે. આ ઉપરાંત અહીંથી સોલાપુર જંકશન નજીક છે. સ્ટેશનથી તમે કેબ અથવા બસ દ્વારા સાપના ગામમાં પહોંચી શકો છો. શું તમે આ ગામની મુલાકાત લેવા માંગો છો?

# અમરેલી ખાતે જિલ્લા સહકારી સંઘ દ્વારા આંતર રાષ્ટ્રીય સહકારી તાલીમનો પ્રારંભ












ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ અને ઈફકોના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણીના નેતૃત્વમાં ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ ને ભૂતો ને ભવિષ્ય ગુજરાત અને અમરેલીના ઈતિહાસમાં પ્રથમ વખત ઈતિહાસ રચતા અમરેલી જિલ્લા સહકારી સંઘ જેમના ચેરમેન યુવા નેતા મનીષ સંઘાણી બન્યા બાદ સહકારી ચળવળ અમરેલી માં વધુ વેગ મળે તેવા ઉમદા હેતુથી સતત રાત દિવસ પ્રયત્નો કરતા રહે છે ત્યારે ગુજરાતના અમરેલીમાં સૌ પ્રથમ વખત સી. આઈ. સી. ટી. એ. બી અને ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ ના સહયોગ થી અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા ઈન્ટરનેશનલ કો–ઓપરેટીવ તાલીમ નું આયોજન તા.૧૮/૦૩/૨૦૨૪ થી તા.૨૧/૦૩/૨૦૨૪ સુધી અમરેલી ના અવધ હેરિટેજ ખાતે કરવામાં આવેલ જેમના ઈફકો અને એન. સી. યુ. આઈ ના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણીની વિશેષ ઉપસ્થિતિ માં શુભારંભ કરવામાં આવ્યો જેમાં શ્રીલંકા, નેપાળ, જેવા દેશોમાંથી અને ભારતના વિવિધ રાજયો માંથી ૩૪ જેટલાં તાલીમાર્થીઓ ભાગ લીધો છે.ત્યારે આ કાર્યક્રમના શુભારંભ પ્રસંગે સાંસદ નારણભાઈ કાછડીયા, અમર ડેરી ના અધ્યક્ષ અનિભાઈ સાવલીયા, અમરેલી જિલ્લા સહકારી ખરીદ–વેચાણ સંઘ ના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, સારહી યુથ ક્લબ ઓફ અમરેલીના અધ્યક્ષ મુકેશભાઈ સંઘાણી, એ. પી. એમ. સી. ના અધ્યક્ષ શૈલેષભાઈ સંઘાણી, અમરેલી જિલ્લા સહકારી સંઘ ના અધ્યક્ષ મનીષ સંઘાણી, એન. સી. યુ. આઈ ના ડેપ્યુટી ચીફ એકઝિક્યુટીવ સાવિત્રી સિંઘ, એન. સી. યુ. આઈ ના આસીસસ્ટન ડાયરેક્ટર ઈન્દ્રપ્રીત કોરજી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ તા.૧૮/૦૩/૨૪ થી તા.૨૧/૦૩/૨૪ એમ ૪ દિવસ સુધી ચાલવાનો છે, જે દરમિયાન તમામ તાલીમાર્થીઓને વિવિધ તજજ્ઞો દ્વારા સહકારી ગતિવિધિઓ વિષે માહિતી આપવામાં આવશે તેમજ અમરેલી ની વિવિધ સહકારી મંડળીઓની મુલાકાત કરાવવામાં આવશે અને અમરેલી જિલ્લા ની સહકારી ગતિવિધિઓ વિષે માહિતી આપવામાં આવશે. જયારે આ પુરા કાર્યક્રમ નું કોડિનેશન અમરેલી જિલ્લા સહકારી સંઘ ના એઝિક્યુટીવ ભાર્ગવ ત્રિવેદી દ્વારા કરવામાં આવેલ.

પાના ૧ ઉપરનું ચાલું

## ચૂંટણી બોન્ડની તમામ વિગતો

વિગતો જાહેર જ નથી કરી. એસબીઆઈ અમારા આદેશનું પાલન કરવા બંધાયેલ છે.

આ દરમિયાન એસબીઆઈ વતી હાજર સિનિયર વકીલ હરીશ સાલ્વેએ કહ્યું કે કૃપા કરીને અમને સમજાવવાની તક આપો કે તેમણે આદેશને કઈ રીતે સમજ્યો છે. તેના પર સીજેઆઈએ કહ્યું કે ચૂંટણી બોન્ડ સંબંધિત તમામ વિગતો જાહેર કરો, તમારી પાસે જે કોઈ વિગત છે તે જાહેર કરો, બસ.

ચૂંટણી બોન્ડ મામલે સુનાવણી પૂરી કરતાં સુપ્રીમકોર્ટે એસબીઆઈને તમામ વિગતો જાહેર કરવા માટે ૨૧ માર્ચ સુધીનો સમય આપ્યો હતો. એસબીઆઈએ હવે તમામ વિગતો ચૂંટણી પંચને આગામી ૩ દિવસમાં સોંપી દેવાની રહેશે. આ સાથે એસબીઆઈના ચેરમેનને સોગંદનામુ દાખલ કરવા પણ નિર્દેશ આપ્યો હતો. સુપ્રીમકોર્ટે ચૂંટણીપંચને પણ કહ્યું હતું કે તમે પણ તમામ વિગતો મળતાં જ તેને વેબસાઈટ પર જાહેર કરો.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૫ | ૧૫૨૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૪૨૦ | ૭૭૦ |
| ૩ | ઘઉં | ૪૦૦ | ૪૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૩૦ | ૧૬૩૦ |
| ૨ | મગફળી | ૧૧૬૦ | ૧૨૦૦ |
| ૩ | ઘઉં | ૪૨૫ | ૬૧૫ |
| ૪ | ચણા | ૧૦૫૯ | ૧૧૧૧ |
| ૫ | જીરૂ | ૪૨૨૫ | ૫૦૨૫ |
| ૬ | ધાણા | ૧૧૧૦ | ૧૯૯૦ |
| ૭ | મેથી | ૧૦૪૦ | ૧૧૮૦ |
| ૮ | રાઈ | ૧૦૩૫ | ૧૧૨૫ |
| ૯ | તુવેર | ૧૫૫૦ | ૧૮૩૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૮૫ |
| ૨ | ચણા | ૧૦૮૧ | ૧૧૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૫૭૬ | ૨૫૭૬ |
| ૪ | ઘઉં | ૪૭૫ | ૫૨૦ |
| ૫ | ધાણા | ૧૫૧૧ | ૧૬૦૦ |
| ૬ | તુવેર | ૧૭૧૦ | ૧૭૧૦ |
| ૭ | જીરૂ | ૪૯૫૦ | ૪૯૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૯૦ | ૧૨૦૭ |
| ૨ | શિંગ મોટી | ૯૭૫ | ૧૩૨૫ |
| ૩ | શિંગદાણા | ૧૨૬૫ | ૧૪૨૫ |
| ૪ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૬૫૧ |
| ૫ | તલ કાશ્મીરી | ૪૦૪૫ | ૪૧૭૦ |
| ૬ | જુવાર | ૫૯૦ | ૯૩૬ |
| ૭ | ઘંઉ ટુકડા | ૪૨૬ | ૬૫૮ |
| ૮ | ઘઉં લોકવન | ૪૦૧ | ૫૫૩ |
| ૯ | ચણા | ૯૩૦ | ૧૧૨૪ |
| ૧૦ | ચણા દેશી | ૧૦૪૫ | ૧૩૯૨ |
| ૧૧ | તુવેર | ૧૦૦૦ | ૧૯૫૫ |
| ૧૨ | કપાસ | ૧૦૫૮ | ૧૫૮૬ |
| ૧૩ | એરંડા | ૧૦૯૫ | ૧૧૩૬ |
| ૧૪ | જીરૂ | ૩૪૧૦ | ૫૧૦૦ |
| ૧૫ | રાયડો | ૮૪૫ | ૮૯૯ |
| ૧૬ | રાય | ૧૦૩૦ | ૧૨૩૫ |
| ૧૭ | ધાણા | ૧૩૦૦ | ૧૯૮૬ |
| ૧૮ | ધાણી | ૧૩૧૫ | ૨૭૨૦ |
| ૧૯ | અજમા | ૧૭૦૦ | ૩૦૪૦ |
| ૨૦ | મેથી | ૧૦૫૫ | ૧૧૧૮ |
| ૨૧ | સોયાબીન | ૮૨૮ | ૮૫૩ |
| ૨૨ | મરચા લાંબા | ૭૦૦ | ૬૦૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## હિંડોરણા ચોકડી નજીકથી

માટેસઘન પેટ્રોલીંગ રાખી, સફળ રેઈડો કરી કડક કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ. જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડના રાજુલાના હિંડોરણા ચોકડી પાસેથી પેટ્રોલીંગ દરમ્યાન ચોક્કસ બાતમી હકીકત આધારે એક રિક્ષામાંથી અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂની કંપની રિંગપેક નાની મોટી કુલ બોટલ નંગ–૩૧ કિંમત રૂપિયા ૯૩૦૦ ના મુદામાલ તથા રિક્ષા રજી નં. જીજે–૦૯ ઝેડ ૮૯૪૯ કિંમત રૂપિયા ૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૫૯,૩૦૦ ના મુદામાલ સાથે ઈસુબભાઈ દાઉદભાઈ મેતર તથા ઈમરાનભાઈ યુનુસભાઈ જોખીયા (રહે. બંને રાજુલા) વાળા બે ઈસમોને પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરીહતી.

## ભુરખીયા હનુમાન મંદિરે બુધવારે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

લાઠી, તા. ૧૮

'ભુરખીયા હનુમાનજી મંદિરે આવતા બુધવારે વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાશે.

લાભ લેવા વિનંતી છે. મુંબઈ સ્થિત રમાબેન અનિલભાઈ પારેખ પરિવારના આર્થિક સહયોગથી સ્વયમ્ પ્રગટ ભુરખીયા હનુમાનજી મંદિરે તા. લાઠી, તા. ૨૦/૩/૨૪ ને બુધવારે ૭૨મો વિના મુલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ (મોતિયા ના ટાકા વગરના ઓપરેશન)નું લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), શ્રી ભુરખીયા હનુમાનજી ચેરી. ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સયુંકત ઉપક્રમે આયોજન કરવામાં આવેલ હોય દર્દીઓએ સમયસર કેમ્પના સ્થળે આધાર પુરાવા સાથે આવી જવું. તેમજ નંબરના ચશ્માં રાહત દરે આપવામાં આવશે.તેમ આયોજકોએ જણાવેલ છે.

## ટીંબી : નિર્દોષાનંદજી હોસ્પિટલ ધુળેટીના દિવસે બંધ રહેશે

અમરેલી, તા. ૧૮, ધોળાનાં ટીંબી ગામે આવેલ સ્વામી નિર્દોષાનંદજી હોસ્પિટલ આગામી સોમવાર તા. ૨૫ માર્ચનાં રોજ ધુળેટીના દિવસે બંધ રહેશે. પ્રસુતી અને ઈમરજન્સી વિભાગ શરૂ રહેશે. તેમ એક યાદીમાં જણાવાયું છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં બાયપાસ માર્ગ ઉપર

ગેરેજે જતા હતા અને તેઓ અમરેલી બાયપાસ ટોયોટો શો રૂમ સામે પહોંચતા સામેથી ફોરવ્હીલ નં. જીજે–૦૪ ઈઈ ૭૩૫૮ ના ચાલકે પોતાના હવાલાવાળી ગાડી પુરઝડપે અને બેફીકરાઈથી ગફલતભરી રીતે ચલાવી ઘનશ્યામભાઈના મોટર સાયકલ સાથે અથડાવી માથાના પાછળના ભાગે, કપાળના ઉપરના ભાગે તથા જમણા હાથના ખંભા અને પંજા ઉપર છોલાણ કરી શરીરે નાની–મોટી ઈજા કરતા પ્રથમ અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નિપજાવ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## વીજપડીનાં તલાટી મંત્રીની કાર્યશૈલી સામે નારાજગી

વીજપડી, તા. ૧૮

વીજપડી ગામના તલાટી મંત્રી પરેશ જોશી પહેલા પણ પોતાની કામગીરીથી વીજપડી ગામમા અપ્રિય બની ચુકયા છે અને હાલ બદલી માંગી લીધેલ. જેહાલ પંચાયત કચેરી પર આવતા ગામના અરજદારો સાથે ઉંચા અવાજે વાત કરી એક સરકારી કર્મચારીને ન શોભે એવી રીતે વર્તન કરી રહ્યા છે. ગુજરાત પંચાયત અધિનિયમ અને સરકારી વખતો વખતના ઠરાવોથી વિપરીત પોતે બનાવેલા નિયમો થકી પંચાયતનું સંચાલન કરેછે. અરજદારો માહિતી માંગે તો એલફેલ જવાબ આપેછે, અરજદારો પર રોફ જમાવતા મંત્રી ' જનસેવા એજ પ્રભુસેવા' સૂત્ર કયારે સાર્થક કરે છે એ જોવું રહ્યં.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૮૦ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૩ | ઘઉં | ૩૮૬ | ૫૭૩ |
| ૪ | ચણા | ૯૧૫ | ૧૦૭૧ |
| ૫ | ધાણા | ૧૧૧૦ | ૧૪૫૫ |
| ૬ | એરંડા | ૧૧૨૬ | ૧૧૨૬ |
| ૭ | મેથી | ૧૦૧૦ | ૧૨૩૦ |
| ૮ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | દેશી ચણા | ૧૧૪૫ | ૧૧૪૫ |
| ૧૦ | સોયાબીન | ૮૦૬ | ૮૦૬ |
| ૧૧ | જીરૂ | ૪૪૭૫ | ૪૪૭૫ |
| ૧૨ | તુવેર | ૧૮૦૧ | ૧૮૬૦ |
| ૧૩ | છોલે ચણા | ૧૬૪૦ | ૧૬૪૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૨૩ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૫ | ૧૨૭૫ |
| ૩ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૬૦૦ |
| ૪ | જીરૂ | ૩૩૦૦ | ૫૦૦૦ |
| ૫ | કપાસ | ૧૩૫૧ | ૧૫૮૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૨૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૩૬ |
| ૮ | બાજરો | ૪૧૧ | ૫૪૪ |
| ૯ | જુવાર | ૫૫૦ | ૯૩૬ |
| ૧૦ | ચણા | ૧૦૪૦ | ૧૧૫૫ |
| ૧૧ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૪૨૧ |
| ૧૨ | તુવેર | ૧૫૦૦ | ૨૦૬૧ |
| ૧૩ | એરંડી | ૧૦૦૦ | ૧૦૯૩ |
| ૧૪ | મેથી | ૮૭૫ | ૧૧૦૦ |
| ૧૫ | રાયડો | ૮૫૦ | ૮૬૬ |
| ૧૬ | ધાણા | ૧૩૦૦ | ૨૩૧૧ |
| ૧૭ | સોયાબીન | ૮૦૦ | ૮૫૨ |

જિલ્લાનાં કોંગી અગ્રણી શાંતિલાલ રાણવાની માંગ

## ઈલેક્ટ્રોલ બોન્ડ, દેવામાફી સહિતનાં તમામ કૌભાંડોને ખુલ્લા પાડવા જરૂરી

### જનતાને ગેરમાર્ગે દોરતી સરકાર સામે કાર્યવાહી જરૂરી

અમરેલી, તા. ૧૮



અમરેલીજિલ્લા કોંગી અગ્રણી અને બહુજન આર્મીના પ્રમુખ શાંતિલાલ રાણવાની યાદી જણાવે છે કે, દેશની એકમાત્ર વિસનીય સંસ્થા સુપ્રીમ કોર્ટ દ્વારા લોકશાહી અને સંવિધાનની રક્ષા ખાતર એક પછી એક ચુકાદાઓ આપીને દેશ બચાવો, સંવિધાન બચાવવા માટે જે રીતે કાયદાકીય જોગવાઈઓ મુજબના પગલાં સુપ્રીમ કોર્ટ લઈ રહી છે તેનાથી દેશની સામાન્ય જનતામાં પણ આશાનું કિરણ જોવા મળી રહ્યું છે.

સુપ્રીમ કોર્ટ જેમ એસબીઆઈ દ્વારા ચૂંટણી ફંડની યાદી બહાર પાડવા હુકમ કર્યો અને એક મોટું કૌભાંડ બહાર આવ્યું. તેમ હજુ સુપ્રીમ કોર્ટ પી.એમ. કેર ફંડનું હજારો કરોડનું કૌભાંડ તથા દેશના મોટા ઉદ્યોગપતિઓનાં લેણાં માફ કર્યા તેની યાદી બહાર પાડવામાં હુકમો કરે તેવી સુપ્રીમ કોર્ટને રાણવાએ વિનંતી કરેલ છે. કોંગ્રેસ ના રાજમાં જે કૌભાંડ થયા જ ના હતા તેવા ખોટા ગપોળા ચલાવીને દેશની જનતાને ગુમરાહ કરીને સત્તા મેળવીને છેલ્લા ૧૦ વર્ષમાં એકપણ કોંગ્રેસના આગેવાનને સજા કરાવી શકયા નથી તેમજ જેલમાં પણ પુરાવી શકયા નથી. આવી આજની જૂઠી, નાટકબાજ સરકારને દરેક મુદ્દા ઉપર સબક શિખડાવવાનો સમય આવી ગયો છે. આ મુખ્ય ૩ કૌભાંડ ખોલવા અને લાભાર્થીઓના નામો જાહેર કરી તમામ સામે પગલાં લેવા અને કેન્દ્ર સરકારને પદભ્રષ્ટ કરવા હુકમ કરવા સુપ્રીમ કોર્ટને વિનંતી કરેલ છે.


## જોઈએ છે...

શ્રી ખેતી ઉત્પન્ન બજાર સમિતિ- સાવરકુંડલા (માર્કેટયાર્ડ) મહુવા રોડ, મુ.સાવરકુંડલા, જી.અમરેલી માટે રોજીંદી કામગીરી માટે ૧૧ માસ અને ૬ માસ માટે હંગામી ધોરણે નીચે મુજબની ભરતી કરવાની હોય જે માટે યોગ્ય, અનુભવી અને ઈચ્છુક ઉમેદવારો પોતાની શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગતો સાથે સ્વ.હસ્તાક્ષરે નીચે જણાવેલ સરનામે તારીખ : ૨૭/૦૩/૨૦૨૩ સુધીમાં પોતાની અરજી પોસ્ટ અથવા કુરિયરથી મોકલી આપવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | શેષ રૂમ | ૦૨ | ૬ | ઓફિસ પ્યુન | ૦૨ |
| ૨ | ગેઈટપાસ (કોમ્પ્યુટર) | ૦૪ | ૭ | લાઈટ, પાણી સફાઈ, વ્યવસ્થા | ૦૪ |
| ૩ | બહારનો વે બ્રીજ (કોમ્પ્યુટર) | ૦૩ | ૮ | રીલીવાર (કોમ્પ્યુટર જાણકાર) | ૦૩ |
| ૪ | કપાસ વે બ્રીજ | ૦૨ | ૯ | રીલીવાર પટાવાળા | ૦૨ |
| ૫ | ઓક્ષનર | ૦૩ | | કુલ જગ્યા | ૦૩ |

ઉપરોક્ત જગ્યા માટેનાં નિયમો અને ભરતી માટે ના આખરી નિર્ણયો સંસ્થાના રહેશે.

ઉપર મુજબની જગ્યા માટે અરજી કરવા માટેનું સરનામું : અમરેલી જીલ્લા સહકારી સંઘ,જીવરાજ વાવડીયા સહયોગ ભવન, ડો.જીવરાજ મહેતા રોડ, લાયબ્રેરીની બાજુમાં અમરેલી - ૩૬૫ ૬૦૧



## સંકુલ ધો. ૧૧-૧૨ ગર્લ્સ સ્કૂલ & ગર્લ્સ હોસ્ટેલ પ્રવેશ

આર્ટસ કોમર્સ સાયંસ – ગુજરાતી મિડીયમ – ઈંગ્લીશ મિડીયમ

- ★ આર્ટસ – મનોવિજ્ઞાન રાજયશાસ્ત્ર • સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર • ઈતિહાસ ભૂગોળ
- ★ કોમર્સ & સાયંસ – ગુજરાતી મિડીયમ & ઈંગ્લીશ મિડીયમ – A & B ગ્રુપ
- ★ સાયંસ – JEE - NEET – ગુજકેટ & બોર્ડ MCQ – ડેઈલી નિઃશુલ્ક ક્લાસ
- ★ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે.
- ★ ધો. ૧૦–૧૨ બોર્ડ A1-A2 ગ્રેડ ને ધો. ૧૧–૧૨ પૂર્ણ – અર્ધી સ્કૂલ ફી માફ / પરત

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ - Ad 132


## જાહેર નોટિસ

મોજે બગસરા ગામ તાલુકો બગસરા જીલ્લો અમરેલી

રેવન્યુસર્વે ૧૯૫ પૈકી ૧ હે.આરે.૧–૦૯–૨૭ આકાર ૫–૮૩ ખાતા નં.૮૭૯

અમો યોગેશભાઈ ડી.દવે (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે.

મોજે – બગસરા ગામ તાલુકો બગસરા જીલ્લો અમરેલી રેવન્યુસર્વે ૧૯૫ પૈકી ૧ હે. આર. ૧–૦૯–૨૭ આકાર ૫–૮૩ ખાતા નં.૮૭૯ વાળી પિયત વાળી ખેતીની જમીન સ્વતંત્ર નામે આવેલ છે. આ ખેતીની પિયત વાળી જમીન (૧) મધુભાઈ ભીમજીભાઈ વઘાસીયાના સ્વંતત્ર નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની જમીન બિન બોજાની, બિન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવીએ અમારા અસીલ શ્રીએ વેંચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હક્ક જેમ કે ઉજપ–નીપજ,/ખેતી/ગણોત, લીઝ લાયસન્સ/કબજો ભોગવટો, બનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સંબંધકર્તાએ વાંધો તકરારની જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૨ (બાર) માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સંબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને () કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈ, પણ પ્રકારની દાદ, ફરિયાદ કે વિવાદ ચાલશે નહી.

રહે. કુંકાવાવ મોટી
શારદા ઝેરોક્ષ, શારદા
શોપીંગ સેન્ટર, મુ. કુંકાવાવ મોટી
તા.વડીયા, જી.અમરેલી
મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦

**યોગેશ ડી. દવે**
(એડવોકેટ)
બી.કોમ. એલ.એલ.બી.
એલ.એલ.એમ., પી.જી.ડી.સી.એ.
મો.૯૪૨૬૩ ૯૮૯૬૦

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ૨ | ચણા | ૮૮૦ | ૧૦૭૧ |
| ૩ | ચણા સફેદ | ૧૦૬૨ | ૧૧૦૭ |
| ૪ | એરંડી | ૧૦૯૦ | ૧૦૯૬ |
| ૫ | ધાણા | ૯૯૦ | ૧૫૨૦ |
| ૬ | ઘઉં લોકવન | ૩૩૫ | ૪૭૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૫૭ |
| ૮ | જીરૂ | ૩૦૫૦ | ૪૩૨૫ |
| ૯ | રાયડો | ૮૬૫ | ૮૬૫ |
| ૧૦ | તુવેર | ૧૩૦૦ | ૧૫૪૦ |
| ૧૧ | સોયાબીન | ૭૦૦ | ૭૯૦ |
| ૧૨ | મેથી | ૮૬૦ | ૮૬૦ |
| ૧૩ | મકાઈ | ૪૪૦ | ૪૪૦ |
| ૧૪ | શીંગફાડા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૫ | ધાણી | ૧૩૫૫ | ૧૪૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૫૫૦ | ૨૫૫૦ |
| ૨ | તલ પીળા | ૩૭૦૬ | ૩૭૦૬ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૪ | બાજરો | ૪૨૫ | ૫૧૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૯૧ |
| ૬ | જુવાર | ૪૫૧ | ૯૧૮ |
| ૭ | મેથી | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૮ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | તુવેર | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૦ | ચણા | ૬૦૦ | ૧૧૮૧ |
| ૧૧ | જીરૂ | ૩૦૦૦ | ૪૭૭૩ |
| ૧૨ | એરંડી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૩ | અજમા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૧૪ | રાય | ૮૦૦ | ૧૧૫૦ |
| ૧૫ | સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |

# દામનગરમાં ગંદકીનો માહોલ

દામનગર તા.૧૮

રાજકારણમાં ક્યારેક દુશ્મની તો વળી દોસ્તી પણ થઈ જાય..!! કોઈપણ વસ્તુ કાયમી હોતી નથી..!! સત્તા અને સેવા, શબ્દો ખુબજ ગમી જાય એવા છે – બને વચ્ચેની ભેદરેખા એવી મજબૂત અને ટકાઉ નથી તો પણ આગળ આવવું કોને ન ગમે.જયારે કોઈપણ ચૂંટણી આવે ત્યારે આવ્યા ને ગયાનું રાજકારણ ગરમાતું હોય છે.

દેશમાં ૨૦૨૩-'૨૪ ના સ્વચ્છ સર્વેક્ષણમાં સુરત અને ઈન્દોરનો સયુંકત રીતે પ્રથમ નંબર આવેલ.

આ તસ્વીર છે, દામનગર શહેરમાં આવેલ બરફના કારખાનાની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં સાફ – સફાઈને અભાવે ફેલાયેલી ગંદકી થી રોગચાળો થઈ શકે..!! નિયમિત સફાઈ કામગીરી કરવામાં આવે એવી લાગણી છે.




## ડો. વસંત પરિખનાં ૯૨માં જન્મદિને

# અમદાવાદ ખાતે 'શબ્દ જયોતિ' સાહિત્ય સફર કાર્યક્રમનું આયોજન થયું

## સંસ્કૃત સાહિત્ય કારો અને પરિખ પરિવાર ઉપસ્થિત રહેલ

અમરેલી તા.૧૮

તા. ૧૭ માર્ચ,રવિવારે સાંજે ૦૫-૩૦ કલાકે, ગોવર્ધન સ્મૃતિ મંદિર સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ,અમદાવાદ ખાતે ઓમ કામ્યુનિકેશન દ્વારા સંસ્કૃત સાહિત્ય સંશોધક, વિવેચક પરીખના ૯૨મા જન્મદિન પ્રસંગે 'શબ્દજયોતિ' સાહિત્ય સફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

'શબ્દજયોતિ'માં ડો.વસંત પરીખે પોતાનાં જીવન-કવન વિશે વકતવ્ય આપ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'ત'એ કર્યું. આ પ્રસંગે સાહિત્યકાર વસંત પરીખના પરિવારજનો સહિત સંસ્કૃત સાહિત્યકારો અને સાહિત્ય પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી ન્હોતી.

## જાગૃત નાગરિક શિરીષભાઈ પટેલે પત્ર પાઠવ્યો

# રાજલા, જાફરાબાદ વિસ્તારમાં પાયાની સુવિધા વધારવા મુખ્ય સચિવને રજુઆત

## માર્ગો, પરિવહન, રોજગાર જેવા પ્રશ્નો દુર કરવા માંગ

રાજુલા,તા.૧૮

ગુજરાતના છેવાડાનો દરિયાકાંઠે આવેલ વિસ્તાર રાજુલા-જાફરાબાદ પંથકમાંથી ઘણા મહત્વનાં પ્રશ્નોનુ નિરાકરણ કરી લોકોની હેરાનગતી દુર કરવાની જરૂર છે. આ વિસ્તારમાં જે ઉદ્યોગો આવેલા છે તેઓની જ સી.એ. આર. ગ્રાન્ટ છે જે અન્ય રાજયોની સરખામણીએ ખુબ જ ઓછી છે, આવા ઉદ્યોગો પોતાની ગ્રાન્ટની રકમમાં વધારો કરી શિક્ષણ, સ્પોર્ટસ શહેરની સુંદરતા વધારે એવા પ્રયત્નો કરવા જરૂરી છે. રાજુલામાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ વ્યાયમશાળા જીમ્નેશીયમ સાથેનું ગાર્ડન અને બાયપાસ પર આવેલ ડેમ સાઈટે બ્યુટીફીકેશન કરવાની ખાસ જરૂરીયાત છે, સરકારી હોંસ્પીટલમાં એમ.ડી. ફીજીશ્યન, ઓર્થોપેડીક સર્જનની ખાસ જરૂર છે. રાજુલાનુ નવુ ગેસ્ટ હાઉસ જે પી.ડબલ્યુ.ડી. હસ્તક શરૂ થયેલુ છે તેમા જે વિઘ્નો છે તે દુર કરી ગેસ્ટ હાઉસનું કામ પુરૂ કરાવવાની જરૂર છે. નિંગાળા ગામ અને જોલાપુર હાઈવે પાસે દેવકા ગામ જવાના રોડ પર સર્કલ બનાવવાની જરૂર છે, સરકેશ્વર બીચના વિકાસ માટે ૧૯૯૮માં હાઈ લેવલ ડેલીગેશન આવેલુ એ પછી ખાસ કોઈ વિકાસ થયો નથી. પીપાવાવ પોર્ટથી હજીરા સુધીની પેસેન્જર બોટ સર્વિસ ચાલુ કરવાની ખાસ જરૂર છે. રાજુલા નગરપાલીકામાં અપુરતો સ્ટાફ છે. આ ઉપરાંત રાજુલાથી રાજકોટ (ખંઢીરી) એમ્સ હોસ્પીટલ સુધીની એસ.ટી. વોલ્વો સર્વિસની જરૂર છે. સીટીમાં છતડીયા રોડનું મંજુર થયેલ કામ વહેલી ચાલુ કરવાની જરૂર છે. રાજુલાથી અમરેલી જિલ્લા મથક સુધીનો ફોરટ્રેક સત્વરે બનાવવાની જરૂર છે. રાજુલા ખાતે ડી.વાય.એસ.પી. ઓફીસ ચાલુ કરી નિમણુંક આપવી તેમજ દરયિાકાંઠાના અને ઔદ્યોગીક એકમોનાં આ રાજુલા સીટી હોય સંપુર્ણ સીટીને સીસીટીવી કેમેરાથી સજજ કરી અને સત્વરે નૈત્રમ પ્રોજેકટ અને વિશ્વાસ પ્રોજેકટની અમલવારી કરવાની આ વિસ્તારના નાગરીકોની માંગણી છે.

વિશ્વ વિખ્યાત દેવકા વિદ્યાપીઠ જે દેવકા ગામે આવેલ છે તેને સારા રોડ મારફતે કોસ્ટલ હાઈવે સાથે જોડવાની પણ જરૂર છે. તેમ જાગૃત નાગરિક શીરીષભાઈ પટેલે મુખ્ય સચિવને પત્ર પાઠવીને રજુઆત કરેલ છે.

# અમરેલીના નાના ભુલકાંઓએ પવિત્ર રમજાન માસના રોજા રાખી અલ્લાહની ઈબાદત કરી



અમરેલી, તા.૧૮, અમરેલીમાં નાના ભુલકાંઓએ આજરોજ પવિત્ર રમજાન માસના રોજા રાખેલ હતા જેમાં અરહાન મોહિઝભાઈ સુમરા ઉ.વ. ૬, સાનિયા રીફભાઈ ઓઠા ઉ.વ. ૭, રૂમાના સિકંદરભાઈ પઠાણ ઉ.વ.૮, શાહનવાઝ આબિદભાઈ સુમરા ઉ.વ. ૮ આ ચારેય નાના ભુલકાંઓએ પવિત્ર રમજાન માસનું પહેલું રોઝુ રાખી અલ્લાહની ઈબાદત કરેલ હતી આ નાના ભુલકાંઓએ પહેલું રોઝુ રાખતા પરિવારના સર્વોએ મુબારક બાદી પાઠવેલ હતી.

# ખાંભાના ૭ વર્ષનાં બાળકે રોજુ રાખ્યું

ખાંભા, તા.૧૮

ખાંભા ગામના ભૂલકાએ રમજાનમાસ દરમિયાન રોજા રાખીને આજના યુવાનો માટે પ્રેરણારૂપ બન્યો છે.

આ બાળકના પિતા કાળુભાઈ સમા જેઓ ઉના એસ.ટી.બસ સ્ટેશનમાં ફરજ બજાવે છે. જેમણે જણાવ્યું હતું કે મારો પુત્ર એનેજ (ઉ.વ.૭) વર્ષ રમજાન માસનું છઠ્ઠુ રોજુ પુરૂ કર્યુ હતું. અને એનેજે સામેથી તેના માતાપિતાને રોજા રાખવાનું જણાવ્યું હતું અને તેઓએ ઉત્સાહ સાથે રોજું રાખ્યું હતું.



## મૂળ વિદ્યાર્થીના સ્થાને ડમી પરીક્ષા આપે તે પહેલા ઝડપી લેવાયો

# ધોળકાના કેન્દ્ર પર ધો. -૧૨ની પરીક્ષા આપવા આવેલો ડમી વિદ્યાર્થી પકડાયા

## મૂળ વિદ્યાર્થી ધોળકાના રૂપગઢ ગામનો હર્ષદ ચૌહાણ હતો

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ જિલ્લાના ધોળકામાં ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષા આપવા આવેલો ડમી વિદ્યાર્થી ઝડપાઈ ગયો છે. ધોળકાની જ્ઞાનદીપ વિદ્યાલયમાં આ વિદ્યાર્થી તત્વજ્ઞાનનું પેપર આપવા આવ્યો હતો.જો કે મૂળ વિદ્યાર્થીના સ્થાને ડમી પરીક્ષા આપે તે પહેલા ઝડપી લેવાયો છે.

અત્યારે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ચાલી રહી છે, ત્યારે ધોળકામાં જ્ઞાનદીપ વિદ્યાલયમાં ધોરણ-૧૨ની પરીક્ષા આપવા આવેલો એક ડમી વિદ્યાર્થી ઝડપાયો છે. જ્ઞાનદીપ વિદ્યાલયમાં પરીક્ષા આપવા માટે વિદ્યાર્થી પહોંચે તે પહેલા જ વિદ્યાર્થી પકડાઈ ગયો હતો. મૂળ વિદ્યાર્થી ધોળકાના રૂપગઢ ગામનો હર્ષદ ચૌહાણ હતો, તેના બદલામાં અરણેજ ગામનો મેહુલ ચાવડા નામનો વિદ્યાર્થી પરીક્ષા આપવા આવ્યો હતો.

જો કે સુપરવાઈસરની સમયસૂચકતાના કારણે પરીક્ષા આપવા બેસે તે પહેલા જ પકડાઈ ગયો હતો.આ અંગે ધોળકા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. હાલ બંને વિદ્યાર્થીની ધરપકડ કરી લેવામાં આવી છે. સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.


પાંજરાપોળ ગૌશાળા અમરેલી

- પાંજરાપોળ ગૌશાળા અમરેલીમાં ઘાસચારોનાં મશીન ઉપર કટીંગ કરી શકે તેવા જોડીમાં અથવા બે વ્યકિતની જરૂર છે.
- ટ્રેકટર કે વાહન આવડતુ હોય એમની પ્રથમ પસંદગી કરવામા આવશે.
- રહેવાની સગવડતા આપવામાં આવશે.

તારીખ: ૩૦/૦૩/૨૦૨૪ સુધીમાં રૂબરૂ સંપર્ક કરવો

રસ ધરાવતી વ્યકિતએ સંપર્ક કરવો

ઓફિસ એડ્રેસ : જીવદયા ભવન

પાણી દરવાજા પાસે, જૈન દેરાસરની બાજુમાં, અમરેલી.
મો.૭૯૮૪૫ ૩૪૫૨૨



દિલીપભાઈ પરીખ - મો.૯૮૨૫૫ ૪૯૧૧૭
વસંતભાઈ પોકળ - મો.૯૪૨૬૪ ૭૧૪૭૨
મુકુંદભાઈ ગઢીયા - મો.૯૩૨૮૬ ૧૨૦૬૪



સ્થાપના વર્ષ: ૧૯૫૯ વિદ્યાસભા

અગ્રણી કેળવણીકારશ્રી વસંતભાઈ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત બેસ્ટ સ્કૂલ એવોર્ડથી સન્માનિત


શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ
લાઠી રોડ, અમરેલી- ગુજરાત



એડમિશન ઓપન ૨૦૨૪-૨૫

:- સ્કૂલ :-
બાલમંદિર થી ધોરણ : ૧૨
સાયન્સ, કોમર્સ, અને આર્ટ્સ માં ગુજરાતી / અંગ્રેજી / મિશ્રમાધ્યમ
ગર્લ્સ અને બોયઝ

:- હોસ્ટેલ :-
ધોરણ: ૫ થી ૧૨
ગર્લ્સ અને બોયઝ માટે અલગ-અલગ સંપૂર્ણ સુવિધાયુક્ત હોસ્ટેલ



એડમિશન હેલ્પલાઈન નં. 909 909 8220

૧૦૦ એકરમા પથરાયેલ વિશાળ ઈન્ફ્રાટ્રકચર અને અદ્યતન ટેકનોલોજી થી સૂસજ્જ કેમ્પસની સુવિધાઓ રૂબરૂ નિહાળવા આવકારીએ છીએ.

www.vidyasabha.com


## અગર સંગીત ન હોતા તો કોઈ કિસી કા મીત ન હોતા

# અમરેલી ખાતે લોક સાહિત્ય સેતુની બેઠકમાં મોટી સંખ્યામાં સાહિત્યકારો જોડાયા

## બાલભવનનાં સંગીતકક્ષમાં સુંદર કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૧૮

પ.પૂ.મોરારિબાપુના ઢડા આશીર્વાદ થી સ્થપાયેલ લોકસાહિત્ય સેતુ સંસ્થાની લોકસંસ્કારને ઉજાગર કરતી ૧૧૫ મી નિયમિત બેઠક બાલભવન સંગીત કક્ષમાં વિશાળ સંખ્યામા ભાઈઓ બહેનોની ઉપસ્થિતીમા મળી.



પ્રારંભમા સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીએ પધારેલ સહુને પોતાની આગવી શૈલીમા આવકાર આપેલ. કલાકાર સર્વ કેવિનભાઈ રોકડે ગણપતીસ્થાપના સાથે ભજનની રમઝટ બોલાવી. લોકસાહિત્ય ના મીઠા ગળાના ગાયક તન્વીબેન હીરપરા, સંજયભાઈ વાળોદર, મહીપતભાઈ ભટ્ટ,બીનાબેન શુક્લ જેવાએ પોતાની આગવી શૈલીમા સંગીત પીરસી સંગીત મૈત્રીનુ માધ્યમ સિદ્ધ કર્યુ. અમરેલીમા પ્રસિદ્ધ 'સ્વરાધાર સંગીત ક્લાસીસ ' વાળા નિવૃત ક્લાસ ટુ ઓફીસર સંગીત ના સાધક પરેશભાઈ મહેતાએ તારાઓકે માજૂના યાદગાર ફિલ્મ ગીતોની એક અલગ વાતાવરણ નિર્માણ કરી તમામ શ્રોતાઓને ભારે મોજ કરાવી. તેમની સાથે તેમના સંગીત સાધક સુપુત્ર ચી. પિનાંકભાઈએ સ્વ.મુકેશજીના કંઠે ગવાયેલ ગીતો સંભળાવી મોજ કરાવી.બેઠકમાં સર્વ રમેશભાઈ હીરપરા, મહેન્દ્રભાઈ શુકલ, આનંદભાઈ ભટ્ટ, દિપ્તિબેન ભટ્ટ, નારણભાઈ ડોબરિયા, જિ.સ.બ્રહ્મ સમાજના પ્રમુખ મુકુંદભાઈ મહેતા, ચિત્રકૂટ એવોર્ડ વિજેતા શિતલબેન મહેતા, તઢબેન પાઠક, હસુદાદા જોષી, હસમુખભાઈ પાઠક, ચંદ્રકાંતભાઈ વ્યાસ, તઢબેન વ્યાસ, માલતીબેન પંડ્યા, મામલતદાર ટાંક, વૈશાલીબેન રોકડ, જયેશભાઈ દોશી, મહેન્દ્રભાઈ શુક્લ, જયોતિષિ રજનીભાઈ ભટ્ટ, વરસડા દરબાર દેવકુભાઈ વાળા, યુનિયન બેંક ના મેનેજર, પરેશભાઈ મહેતા (સંવાદ સંસ્થા)સમેત ઉપસ્થિત સહુએ આનંદ માણ્યો. બ્રહ્મસમાજના અગ્રણી આનંદભાઈ ભટ્ટે પ્રાસંગિક વક્તવ્ય આપી સહુને બીરદાવ્યા. આજના કાર્યક્રમ અંતર્ગત અમેરિકા સ્થિત આદરણીય મનિષાબેન પંડ્યાના મોજીલા સૌજન્યથી કલાકાર પરેશભાઈનુ ભવ્યાતિભવ્ય સન્માન કરવામા આવ્યુ. કાર્યક્રમથી બાલભવનના આદરણીય ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતા. મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા, ડો.જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ ના પ્રમુખ મોટાભાઈ સંવટ, નારણભાઈ ડોબરિયા, ડો.નિયામક દિનેશભાઈ ત્રિવેદી સહુએ આનંદ અને સંતોષ વ્યક કર્યો.આભાર દર્શન ઉપપ્રમુખ ગોવિંદભાઈ ગોંડલીયાએ પોતાની આગવી શૈલીમા કર્યુ. કાર્યક્રમના સફળતા ઈચ્છતા ગોરધનભાઈ સુરાણી, રમેશભાઈ જાદવ, સોનલબેન ત્રિવેદી, સુરેશભાઈ શેખાના સંદેશાનુ વાચન કરવામા આવેલ.

## Paytmએ સોડાની લારી ચલાવનારને હેરાન કરી મૂક્યો

# પેટીએમએ લારી ચલાવનારને હવે ચૂકવવું પડશે વળતર

## ગાંધીનગર ગ્રાહક કોર્ટે ગ્રાહકની તરફેમમાં ચુકાદો આપ્યો છે અને તેને ૨૦૦૦ રૂપિયાનું વળતર ચૂકવવા Paytmને જણાવ્યું છે

ગાંધીનગર, તા.૧૮

**Paytm**ની અત્યારે માઠી બેઠી હોય તેમ લાગે છે. રિઝર્વ બેન્કના આકરા પગલાંના કારણે પેટીએમને ફટકો પડ્યો જ છે. હવે એક ગ્રાહકની ફરિયાદમાં પણ કોર્ટે પેટીએમ વિરુદ્ધ ચુકાદો આપ્યો છે અને વળતર ચૂકવવા કહ્યું છે. ગાંધીનગરમાં સોડાની રેંકડી ચલાવનાર અને છુટક મજુરીનું કામ કરનાર એક વ્યક્તિએ **Paytm** દ્વારા હેરાનગતિ સહન કરવી પડી છે. **Paytm**એ તેના બિઝનેસ અને ટેક્સના પૂરાવા માગ્યા હતા અને સાવ નાનકડી રકમ અટકાવી રાખી હતી. તેના કારણે તે વ્યક્તિ ગ્રાહક કોર્ટમાં ગઈ હતી. ગાંધીનગર ગ્રાહક કોર્ટે ગ્રાહકની તરફેમમાં ચુકાદો આપ્યો છે અને તેને ૨૦૦૦ રૂપિયાનું વળતર ચૂકવવા **Paytm**ને જણાવ્યું છે. આ કેસની વિગત પ્રમાણે ગાંધીનગરના **GIDC** પ્લોટમાં રહેતા અરવિંદ પટણી એક સોડાની લારી ચલાવે છે અને છુટક મજૂર તરીકે કામ કરે છે. **Paytm** એજન્ટે તેને એક મર્ચન્ટ એકાઉન્ટ ખોલાવી આપ્યું હતું જેથી તેના ગ્રાહકો સરળતાથી ડિજિટલ પેમેન્ટ કરી શકે. એક વખત અરવિંદ પટણીના માલિકે તેના **Paytm** ખાતામાં ૧૧,૭૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા, પરંતુ પટણીના ખાતામાં માત્ર ૬,૨૧૮ રૂપિયા જમા થયા. બાકીની રકમ ખાતામાં કેમ ન આવી તેના વિશે ઈન્કવાયરી કરતા પેટીએમે કહ્યું કે આ રકમ હોલ્ડ કરવામાં આવી છે અને તેને રિલિઝ કરાવવી હોય તો તેણે પોતાના બિઝનેસ અને ટેક્સની ચૂકવણીના પૂરાવા આપવા પડશે. અરવિંદ પટણીએ **Paytm**ને જણાવ્યું કે તે કોઈ બિઝનેસમેન નથી. તે માત્ર સોડાની લારી ચલાવે છે અને છુટક મજૂરીનું કામ કરે છે. જોકે, **Paytm** તેની વાત માનવા તૈયાર ન હતી. તેથી પટણીએ પોતાની રેંકડી અને પોતે જ્યાં કામ કરે છે તે સ્થળના ફોટા અને બીજા ડોક્યુમેન્ટ પૂરાવા તરીકે મોકલ્યા. આમ છતાં અરવિંદ પટણીના રૂપિયા રિલિઝ ન થવાના કારણે તેમણે ગાંધીનગર જિલ્લા ગ્રાહક પંચમાં **Paytm** સામે ફરિયાદ કરી. પેટીએમે દલીલ કરી હતી કે પટણીના એકાઉન્ટમાં કેટલાક શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનની પેટર્ન હોવાના કારણે તેમણે ડોક્યુમેન્ટ માગ્યા હતા અને રકમ અટવાવી રાખી હતી.

## બીજેપી દર વખતે ચૂંટણી સમયે મીડિયા સેન્ટર શરુ કરે છે

# મધ્યસ્થ કાર્યાલય બાદ મીડિયા સેન્ટરની શરૂઆત કરાઇ

## સંગઠનના સભ્યો સહિતના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા

અમદાવાદ, તા.૧૮

અમદાવાદમાં ભાજપ દ્વારા મધ્યસ્થ કાર્યાલય શરુ કર્યા બાદ મીડિયા સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ મીડિયા સેન્ટરની શરુઆતર કરવામાં આવી છે. આ સમયે ભાજપના પ્રદેશ પ્રમુખ, ભાજપના ધારાસભ્યો, સંગઠનના સભ્યો સહિતના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.અમદાવાદમાં ભાજપ દ્વારા મધ્યસ્થ કાર્યાલય શરુ કર્યા બાદ મીડિયા સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ મીડિયા સેન્ટરની શરુઆતર કરવામાં આવી છે. આ સમયે ભાજપના પ્રદેશ પ્રમુખ, ભાજપના ધારાસભ્યો, સંગઠનના સભ્યો સહિતના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.ભારતીય જનતા પાર્ટી દર વખતે ચૂંટણી સમયે મીડિયા સેન્ટર શરુ કરે છે, તે જ પ્રમાણે આ વખતે લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને મીડિયા સેન્ટર શરુ કરવામાં આવ્યુ છે. આ પ્રસંગે પ્રદેશ કક્ષાના બનાવાયેલા મીડિયા સેન્ટર બહાર છેલ્લા ૧૦ વર્ષમાં સરકાર દ્વારા જે કામગીરી કરવામાં આવી છે, સાથે જ સરકારની જે ઉપલબ્ધિઓ છે, તેને દર્શાવવામાં આવી છે.લોકસભા ચૂંટણીને લઈને મીડિયા સેન્ટરમાં સંગઠનના પદાધિકારીઓ, કેન્દ્રીય મંત્રીઓ અને દિગ્ગજ નેતાઓ આવતા હોય છે. આ તમામ લોકોના બેસવા માટે લોન્જની વ્યવસ્થા કરવામાં આવી છે.સાથે જ આ તમામ લોકો પ્રેસ કોન્ફરેન્સ કરી શકે તે માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

## વાહનોની સતત અવરજવર હોવાથી મોટા અકસ્માતનો સતત ભય

# અમરેલીમાં શાંતાબા મેડિકલ કોલેજનાં માર્ગ પરનાં દબાણને હટાવો

મેડિકલ કોલેજનાં મુખ્ય પ્રવેશદ્વારની બહાર માર્ગ સુધીની પાળી દૂર કરવામાં આવે તે જરૂરી

કોલેજની દીવાલની બહાર માર્ગની બાજુ કરવામાં આવેલ વાયર ફેન્સીંગ હટાવવું જરૂરી

પાલિકા અને માર્ગ-મકાન વિભાગનાં અધિકારીઓ આળશ ખંખેરીને કાર્યવાહી કરે તે જરૂરી

જાણીતા બિલ્ડર વસંત ગજેરા હસ્તકની તમામ સંસ્થાઓની જમીન માપણી કરવાની માંગ





અમરેલી, તા. ૧૮

અમરેલીની ભૂમિ ઉપર મનફાવે તેમ દબાણ કરવામાં આવતું હોવા છતાં જવાબદાર વિભાગનાં અધિકારીઓ સરકારી જમીન, જાહેર માર્ગો, સાર્વજનિક પ્લોટમાં થતાં દબાણ દૂર કરવા માટે મહત્વની કોઈ કામગીરી કરતાં ન હોવાથી દબાણકર્તાઓનાં ઉત્સાહમાં વધારો થતો આવ્યો છે.

અમરેલીમાં આવેલ શાંતાબા મેડિકલ કોલેજનાં વરસડા માર્ગ પર આવેલ મુખ્ય દરવાજાની બહાર લાંબી ગોળાઈ ધરાવતી પાળી બનાવીને તેને માર્ગ સુધી અડાડી દેવતાં આ માર્ગ પર નાના મોટા વાહનોની સતત અવરજવર હોય મોટા અકસ્માતનો સતત ભય રહે છે.

તદુઉપરાંત મેડિકલ કોલેજની દીવાલની બહાર પણ વાયર ફેન્સીંગ કરીને જમીન દબાણ કરવામાં આવેલ હોય શહેરીજનો હોસ્પિટલનાં સંચાલક વસંતભાઈ ગજેરા હસ્તક આવેલ વિદ્યાસભા, જનરલ હોસ્પિટલ, પટેલ સંકુલ સહિતની તમામ સંસ્થાની જમીન માપણી કરવાની જરૂર હોવાનું માને છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, વસંતભાઈ ગજેરા સામે તાજેતરમાં જ સુરતનાં પાલ વિસ્તારમાં બનાવટી દસ્તાવેજનાં આધારે અતિ કિંમતી જમીન પચાવી પાડયાની ફરિયાદ નોંધાઈ છે અને આવી જ એક અન્ય ફરિયાદ થોડા વર્ષો પહેલા નોંધાઈ હતી એ સાબિત કરે છે કે વસંતભાઈ ગજેરા જમીનમાં દબાણ કરવામાં ભારે ઉત્સાહ દાખવતા હોય છે.

## એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# રાજુલા : હિંડોરણા ચોકડી નજીકથી વિદેશી દારૂની ૩૧ બોટલો ઝડપાઈ

### બે ઈસમોની અટકાયત કરવામાં આવી

અમરેલી, તા. ૧૮

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ તેમજ મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈધએ અમરેલી જીલ્લામાં જુગાર/દારૂની બદી દુર કરવા

અનુસંધાન પાના ૬ ઉપર

# આચાર સંહિતાની અમલવારીમાં ઉદાસીનતા



ભારતના ચૂંટણી પંચે લોકસભાની (૨૦૨૪) ચૂંટણીની જાહેરાત કરતાજ આચાર સંહિતાનો (માર્ગદર્શિકા) અમલ શરૂ થઈ જતો હોય છે. ત્યારે દામનગર શહેરમાં ખોડીયારનગર નજીકથી પસાર થતી રેલવે લાઈનમાં નીચે લોકોના અવર–જવર માટે બનાવવામાં આવેલ ગરનાળા (અંડર ગ્રાઉન્ડ બ્રિજ) ની બાજુમાં આ તસવીરમાં જોઈ શકાય છે એમ એક રાજકીય પક્ષનું દીવાલ પર લખાણ ઉપર કૂચડો માર્યા પછી વંચાય તો છે..!! ચૂંટણી અધિકારીઓએ દામનગર અને સમગ્ર અમરેલી જિલ્લામાં આવા લખાણ ઉપર વંચાય નહિ એવી રીતે કૂચડો મરાવી દેવો જોઈએ. પછી કોઈપણ રાજકીય પક્ષોનું લખાણ હોય આચાર સંહિતાનો સંપૂર્ણ અમલ કરાવવો જોઈએ..!!

## ૪ દિવસ પહેલા બપોરનાં સમયની ઘટના

# અમરેલીમાં બાયપાસ માર્ગ ઉપર કાર ચાલકે હડફેટે લેતા બાઈક સવારનું નિધન

### ઘનશ્યામભાઈ ડાંગરનું મોત નિપજયું

અમરેલી, તા. ૧૮

અમરેલીમાં રહેતા ઘનશ્યામભાઈ કાળુભાઈ ડાંગર પોતાના હવાલાવાળા મોટર સાયકલ લઈ ગત તા. ૧૩ ના બપોરે ૩/૪૫ વાગ્યે પોતાના

અનુસંધાન પાના ૬ ઉપર












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)